Since 1925...
જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ
# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા
C.D.O. PRAKASH SAMIKSHA
Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in
RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૧૯ • તા. ૪ મે થી ૧૦ મે ૨૦૧૩ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14

## દેહાંતે આરંભાયો સ્મૃતિરૂપે અમર થવાનો અધ્યાય



જન્મ
૧૦.૭.૧૯૩૭

અરિહંત શરણ
૨૮.૪.૨૦૧૩

## દમયંતી સનત્ શાહ

સાધી સંતુલનની કળા,
માણી જીવનની દરેક પળ...
દરેક સ્થિતિમાં રહયા તત્વ સભર...,
દેહાંતે ચિરશાંતિ અરિહંત શરણે,
અરજ અમારી સ્નેહાશ્રુ સભર...

સનત્ શાહ પરિવાર ☆ પ્રકાશ સમીક્ષા પરિવાર

# બહુમુખી નારીરત્ન દમયંતીબેન સનત્ શાહની ચિરવિદાય

... તેજસ્વી વિદ્યાર્થિની... તેજસ્વી લેખિકા... તેજસ્વી પ્રગતિ પ્રેરક... તેજસ્વી જીવનસંગીની... તેજસ્વી માતા... એમ અનેકવિધ ભૂમિકામાં ભર્યું ભર્યું જીવન જીવનારા દમયંતીબેન સનત શાહે રવિવાર તા.૨૮.૪.૨૦૧૩ના જીવનલીલા સંકેલી લીધી તે સાથે કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિના નારીરત્નો વિશેના પુસ્તકમાંનો એક બહુરંગીને ગૌરવવંતો અધ્યાય પૂરો થયો.

સંવેદનશીલતા અને બુદ્ધિપ્રતિભાથી જીવનને આગવી રીતે જોઇ, સૌ સંબંધોમાં પ્રાણ ફૂંકનાર ઋજુહૃદયી દમયંતીબેનની ચિરવિદાયથી તેમના સંપર્કમાં આવેલા દરેક વ્યક્તિ અને કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના જીવનનો એક વિશેષ અંશ જરૂર બાકાત થયો છે.

કચ્છ ગામ સુથરીના બાંયાબાઇ અને વેલજી ઉમરશી ધરમશીના ઘેર તા.૧૦.૧.૩૭ના જન્મેલા દમયંતીબેન બાળપણથી જ પોતાની બહુમુખી પ્રતિભાનો પરિચય આપવા માંડ્યો હતો. શાળામાં હંમેશા આગલા ક્રમે ઉત્તીર્ણ થયેલા દમયંતીબેને મેટ્રીકની પરીક્ષામાં કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિમાં પ્રથમ આવવા માટેનું પારિતોષિક મેળવ્યું.

ઇ.સ.૧૯૫૪માં શ્રી ક.દ.ઓ વિદ્યાર્થીસંઘની સ્થાપના થઇ, તે વખતે દમયંતીબેન સેંટ ઝેવીયર્સ કોલેજમાં ગુજરાતી સાહિત્યના મુખ્ય વિષય સાથે બી.એ.નું ભણતા હતા.

વિદ્યાર્થીસંઘમાં એ રૂઢીચુસ્ત જમાનામાં વિદ્યાર્થીનીઓની સક્રિયતા બહુ મુશ્કેલ જીણાતી વાત હતી. દમયંતીબેન અને તેમની સાથી ઉત્સાહી વિદ્યાર્થિનીઓએ એ અશક્યને શક્ય કરી બતાવ્યું. તેમના જૂથે ઘરે ઘરે જઇને વડીલોને ન સમજાવ્યા હોત તો વિદ્યાર્થીસંઘમાં તે વખતે બહેનોને સહભાગ શક્ય ન બનત. જે જ્ઞાતિના સમાજજીવન માટે એક મોટી ખોટ સમાન હોત.

જે જમાનામાં મોટાભાગની વિદ્યાર્થિનીઓ સાતમા ધોરણ કે વધુમાં વધુ મેટ્રીક સુધીનું શિક્ષણ લેતી એ જમાનામાં તેમણે ગુજરાતી સાહિત્યમાં પ્રથમ વર્ગ મેળવ્યો અને સેંટ ઝેવિયર્સ કોલેજ તરફથી ફેલોશીપ મેળવી. સેંટ ઝેવિયર્સ કોલેજ તરફથી મળેલ ફલોશીપને મોટી જવાબદારી માની દમયંતીબેને એમ.એ.ની પરીક્ષાની તૈયારીમાં પોતાના પ્રાણ રેડી દીધા અને મુંબઇ યુનિવર્સિટીમાં ગુજરાતી સાહિત્ય વિષયમાં ફર્સ્ટક્લાસ ફર્સ્ટ આવી, પોતે એ ફેલોશીપ માટે સુપાત્ર હતા તે પુરવાર કર્યું.

પાર્લા દહાણુકર કોલજમાં ગુજરાતીના પ્રોફેસર નિમાયા. દરમિયાન સામાજિક પ્રવૃત્તિ નિમિત્તે જ્ઞાતિના જાણીતા વકીલ અને પત્રકાર સનત નરપાર શાહ સાથે કામ કરવાનું થયું અને મિત્રવર્તુળની સમજાવટથી બન્નોએ જીવનસાથી થવાનું સ્વીકાર્યું. દમયંતીબેન અને સનતભાઇ બન્નેના સ્વભાવ સામ સામેના છેડાના પણ સમાજકાર્ય અને સાહિત્ય પ્રત્યેની સમાન રૂચિથી પૂરક દાંપત્યનું શ્રેષ્ઠ દૃષ્ટાંત પુરું પાડી શક્યા, તેનો યશ જોકે દમયંતીબેને વધુ આપવો પડે.

## પૂરક દાંમ્પત્યનું શ્રેષ્ઠ દૃષ્ટાંત



દંમયતીબેન અને સનત્‌ભાઇ દાંમ્પત્ય જીવનની સુવર્ણ જયંતી પ્રસંગે વર્ષ ૨૦૦૭

પ્રતિભાવંત પ્રોફેસર તરીકે સારી નામના હોવા છતાં સારી માતા થવામાં એ આડે ન આવવું જોઇએ તે માટે પરિવાર વૃદ્ધી પછી પ્રોફેસરી સહજપણે છોડી દીધી.

તેમના તે ત્યાગનું કુદરતએ સારું વળતર એ રીતે આપ્યું કે બન્ને પુત્રો સારી શૈક્ષણિક કારકીર્દી સાથે નામી વકીલ બન્યા, જ્યારે બન્ને પુત્રીઓ તેમની જેમ જ્ઞાતિમાં પ્રથમ આવી ડોકટર બની. વધતી કૌટુંબિક જવાબદારીઓ વચ્ચે તેમની સાહિત્ય સાધના અવિરત ચાલુ રહી... **નવનીત, જન્મભૂમિ** અને **સુધા** જેવા નામી પ્રકાશનોમાં તેમની રચનાઓ સાધિકાર પ્રગટ થઇ.

**પ્રકાશ સમીક્ષા** સાથે તેમને સહજપણે આત્મીયતાભર્યો નાતો હતો. મઘ મઘ મહેકે છે મોગરો વિભાગમાં મહિલા વાંચકોને જાણવા જેવી સંસ્કાર અને વ્યવહાર બન્નેમાં નિપુણ બનાવતી બાબતો પર તેમનું ખાસ ધ્યાન, સાથે સાથે જુના અંકોમાંથી સંકલન કરી ભૂતકાળ અને સાંપ્રત પ્રવાહોનો તુલનાત્મક ખ્યાલ આપી ચિરંજીવી મૂલ્યોની સાચવણી સાથે ઉપયુક્ત પરિવર્તન આવકારવા પર તેમણે ખાસ ભાર મૂક્યો.

એકંદરે જીવનના દરેક પાસાંનો સમજદારીપૂર્વક સભરતાથી જીવનારા તથા વિરોધાભાસોમાં સંતુલન સાધનારા દમયંતીબેન હવે સદેહે ભલે આપણી વચ્ચે નથી પણ તેમણે જીવન પ્રત્યેનો જે આગવો અભિગમ અપનાવ્યો હતો તે જીવનને તત્વસભર બનાવવાની પ્રેરણા આપતો રહેશે.

**આદ્યતંત્રીઓ**
"પ્રકાશ"
ડો. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી - 09820808077

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જ્યંત વિશનજી છેડા

**અંક નં. 19 / 2013**

**: કાર્યાલય :**
**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**
**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર**
**સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
**www.prakashsamiksha.com**
**E-mail:kdo_prakash@yahoo.co.in**

**નોંધ:** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

# જ્ઞાતિની અપેક્ષાઓ અને અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓની સજ્જતા

અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ તાજેતરમાં બોલાવેલી સભામાં સ્પષ્ટ જણાઈ આવ્યું કે અનંતછાયા સિવાયના જ્ઞાતિજનો ઈચ્છે છે કે જમીનની માલિકી ટ્રસ્ટનીજ રહેવી જોઈએ અને કોઈપણ મિલકત વેચાવી ન જોઈએ. આમ છતાં, ટ્રસ્ટીઓ હજીપણ એ જ જુના સ્વરમાં રટણ કરી રહ્યા છે કે ટ્રસ્ટની મિલકતનો પુર્નવિકાસ કરવો હોય તો તેનું વેચાણ ક્યાં સિવાય કોઈ વિકલ્પ નથી, તે વાત ટ્રસ્ટીઓ ટ્રસ્ટ મિલકતો વિશે કાનૂની વિકલ્પોને પૂરો અભ્યાસ કર્યા વગર જે ગેરરજુઆતો કરી રહ્યા છે, તે તેમની સજ્જતા બાબતે ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. કોઈપણ જમીનનો/મિલકતનો પુર્નવિકાસ કરવો હોય તો તેના એક વિકલ્પરૂપે તેનો અમુક ભાગ લિઝપર આપી ડેવલોપરનો સહકાર મેળવી શકાય છે તે કાનૂની ભૂમિકા સ્પષ્ટ છે અને સૌને ખબર છે.

ટ્રસ્ટીઓ આ સંબંધમાં જ્ઞાતિની ભાવનાથી વિરૂદ્ધ જઈ અનંતછાયાના કેસમાં ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશન નં.૩૩(૭)નો ચેરીટી કમિશ્નર સમક્ષ તદ્દન ખોટો સંદર્ભ આપ્યો પછી તેમને હાઈકોર્ટ સ્તરે આ બાબતે પીછેહટ કરવી પડી છે છતાં મિલકત વિકસાવવી હોય તો તેની માલિકી છોડવી પડે, એવું પોપટીયું રટણ કરી રહ્યા છે.

અલબત, અનંતછાયા અંગે ટુંક સમયમાં હાઈકોર્ટનો ચુકાદો અપેક્ષિત છે એટલે વધુ ન વિચારીએ પણ મુદ્દાની વાત એ છે. શું તે સભામાં વ્યક્ત થયેલી જ્ઞાતિજનોની વિવિધ અપેક્ષાઓ સંતોષવા ટ્રસ્ટબોર્ડ સજ્જ કે સક્ષમ છે ખરું ?

પ્રથમ તો ટ્રસ્ટીઓએ આ સભામાં કહ્યું તે પ્રમાણે જો મસ્જીદબંદરની મિલકતો અંગે જલ્દીથી કાંઈ કરવામાં નહિ આવે તો તે મિલકતો હાથમાંથી સરકી જશે. આમ છતાં તેમને પોતેજ આ સૌથી સળગતો પ્રશ્ન એ બાબત પોતે સજ્જ નથી, તેની આડકતરી સાબિતી આપતા એ પ્રશ્ન સભાપર નાખી દીધો. જેથી પાછળથી ટ્રસ્ટીઓ કહી શકે કે અમે તો જ્ઞાતિ પાસે માર્ગદર્શન માંગેલું, પણ જ્ઞાતિએજ આ બાબત કાંઈ માર્ગદર્શન ન આપ્યું એટલે અમે શું કરી શકીએ ?

અનંતસિદ્ધિ બાબતમાં જ્યારે ભાડૂતોએ કહ્યું કે તમે કોઈને વેચવાના હો અને ચેરીટી કમિશ્નર તથા હાઈકોર્ટ પાસે અનંતછાયાનો કેસ અટવાયો એમ અમારો કેસ અટવાવવા નથી દેવો ત્યારે એ સંબંધે ભાડુતોને ઓનરશીપથી જરા ઓછા અધિકાર આપીને રી-ડેવલપમેન્ટ કરવાની વાત ન કરી પણ વાતને વધુ ગુંચવતા કહ્યું કે અમે ઘણા કાનૂની નિષ્ણાતોને પુછ્યું છે અને એ સૌનો અભિપ્રાય છે કે જો રિ-ડેવલપમેન્ટ કરવું હોય તો ટ્રસ્ટે તેની માલિકી ખોવી જ પડે. જે ઈરાદાપૂર્વક હોવાનો વધુ સંકેત આપે છે.

આખી વાતનો સાર એ નીકળે છે કે શામ-દામ-દંડ-ભેદની વાત કરવાવાળા ટ્રસ્ટીઓને મસ્જીદબંદર અંગે કાંઈક સુઝતું નથી તથા ત્યાં કાંઈ ખોટું થાય તો અમે જ્ઞાતિને કહેલું એમ કહી હાથ ખંખેરી નાખવામાં સરળતા રહે તે માટે જ્ઞાતિ સમક્ષ આવ્યા પણ જ્ઞાતિજનોની મૂળભૂત અપેક્ષાઓ સંતોષવા ન તો તેઓ સજ્જ છે કે ન તો તેમની ઈચ્છા છે, તેવા નિર્દેશ આપીને હજીપણ તેઓ બાકીના બે વર્ષની મુદતમાં શું કરવા ધારે છે તેની માહિતી ન આપીને તેઓ ખાનગી માલિકોની જેમ વર્તી રહ્યા છે તે પણ સ્પષ્ટ થયું.

અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ એ સમજવાની જરૂર છે કે છાસ લેવા જવી અને દહોણી સંતાડવી જેવી રમત રમવાથી ન તો તેઓ પોતાની વિશ્વસનીયતાનો આંક ઉંચે લાવી રહ્યા છે કે ન તો તેઓ જ્ઞાતિની ભાવનાની કદર કરી રહ્યા છે.

એટલે જો ટ્રસ્ટીઓએ ખરેખર જ્ઞાતિનું માર્ગદર્શન લેવાની ઈચ્છા હોય તો તેમને ખાનગી માલિકોના જેવો અભિગમ સંપૂર્ણપણે ત્યજવો પડશે અને તે પછીજ તેમનાથી આવતા બે વર્ષમાં કોઈ નક્કર કામ થઈ શકશે.

અથવા તો, એવી સ્થિતી ઊભી થશે કે તેમના ટ્રસ્ટીપદના ૫ વર્ષ પૂરા થઈ જશે અને લોકો કહેશે ''નામ બડે, કામ છોટે !''

**- ચંદ્રસેન મોમાયા**

॥ શ્રી સુપાર્શ્વનાથાય નમઃ ॥

# ૪૦૦થી વધુ વર્ષના પ્રાચીન મોડપર જિનાલયના જીર્ણોદ્ધાર અને નવનિર્માણની પ્રગતિનો અહેવાલ

૪૦૦થી વધુ વર્ષના પ્રાચીન શ્રી સુપાર્શ્વનાથ દાદાની મહેરથી તેમજ સાહિત્ય દિવાકર, રાજસ્થાન દિપક, પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસુરીશ્વરજીની પ્રેરણા-આર્શીવાદથી મોડપર જિનાલયના જીર્ણોદ્ધાર અને નવનિર્માણનું કાર્ય ખૂબજ સુંદર પ્રગતી સાથે પૂર્ણતા તરફ આગળ વધી રહ્યું છે. જિનાલયનું સંપૂર્ણ આરસથી બાંધકામ શિખર સુધી પુરૂં થયું છે. હવે રૂપકામ બાકી છે પ્રતિષ્ઠાનું મુહુર્ત **તા.૫.૫.૨૦૧૪**ના મળેલ છે.

આ કાર્યમાં નવકાર મંત્ર આરાધક શ્રી નરેન્દ્ર રામજી નંદુનું માર્ગદર્શન સતત મળી રહ્યું છે. શનિવાર તા.૧૩.૪.૧૩ના શ્રી નરેન્દ્રભાઇ નંદુ તેમના અતિ વ્યસ્તતા વચ્ચે સમય કાઢી મોડપર નગરે સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ શ્રી ચીમનભાઇ મોતા, જયપુરના કલા નિપુણ શ્રી શર્માજી તેમજ શ્રી પંકજ કેશવજી ધરમશી (પ્રમુખ, મોડપર સંઘ) વિમાનમાં પધાર્યા હતા. મુંબઇથી તેમજ જામનગરથી અન્ય ટ્રસ્ટી મહાશયો અને કાર્યકર્તાઓ શ્રી જીવરાજ કીલાચંદ નાગડા, શ્રી ભુપેન્દ્ર લખમશી લોડાયા, શ્રી નવીનચંદ્ર રતનશી લોડાયા, શ્રી મનોજ ભવાનજી ખોના, શ્રી સુનિલ માણેકજી લોડાયા, શ્રી નરેન્દ્ર કુંવરજી ધરમશી, શ્રી કાંતિલાલ ગાંગજી વોરા, શ્રી તિલકચંદ્ર જયંતીલાલ ખોના, શ્રી કિશોર શીવજી ખોના વગેરે વહેલી સવારથી સાથે જોડાયા હતા. આ દિવસે ખૂબજ ઉત્તમ ભાવ સાથે સર્વેના વિચાર વિનિમય બાદ નીચે મુજબના નિર્ણયો લેવાયા હતા.

(૧) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ, શ્રી પદમાવતી, શ્રી સરસ્વતી માતાજીની મૂર્તિ ઘડાવવી અને તેનો ઓર્ડર અપાયો. આ મૂર્તિઓની અંજનશલાકા કચ્છમાં આ વરસે દેઢીયા તીર્થમાં અથવા શીવમસ્તુ તીર્થમાં કરાવવામાં આવશે.

(૨) મુળનાયક શ્રી સુપાર્શ્વનાથ ભગવાન અને અન્ય ચાર ભગવાનની મૂર્તિઓના અતિશય કલાત્મક શોભનીય ભામંડલ સફેદ આરસમાં બનાવવાનો ઓર્ડર આપવો.

(૩) શ્રી ગુરૂમંદિર સંપુર્ણ આરસનું બાંધાવાનું અને તેમાં નયનરમ્ય આરસની કલાત્મક કાઉસગ્ગયુક્ત પૂ.આ.ભ. શ્રી કલ્યાણસાગરસુરીશ્વરજી દાદાની મુર્તી અને અચલગચ્છના પૂજ્ય ગુરૂ ભગવંતોની મૂર્તીનો ઓર્ડર અપાયો.

(૪) દેરાસરજીમાં આરસના ત્રણ પટ્ટ ૧ શ્રી પાલીતાણા તીર્થ, ૨. શ્રી શીખરજી તીર્થ, અને ૩. શ્રી ગીરનારજી તીર્થ બનાવવાનો ઓર્ડર આપવો.

(૫) નવું વિસ્તારીત સુંદર ઉપાશ્રયનું નિર્માણ કરવું.

(૬) દેરાસરના પરિસરની આજુબાજુના વાડા લઇને ત્યાં ભોજનશાળા-અતિથિગૃહ વગેરેનું નિર્માણ કરવું.

(૭) રવિવાર તા.૨૦.૧૦.૧૩ના મુંબઇમાં પ્રતિષ્ઠાને લગતી વિવિધ ઉછામણીઓ કરવી. પ્રતિષ્ઠા પંચાન્હીકા મહોત્સવ વૈશાખ સુદ બીજથી વૈશાખ સુદ છઠ્ઠ સુધી (તા.૧.૫.૨૦૧૪ થી તા.૫.૫.૨૦૧૪) દરમ્યાન મોડપર મુકામે ઉજવવાની મનોકામના છે. વૈશાખ સુદ અખાત્રીજ વર્ષીતપના પારણા તહ ભવ્યાતિભવ્ય મહોત્સવ ઉજવાશે. આ મહોત્સવમાં વિવિધ લાભો લેનાર દાતાઓની ઓફરો આવકાર્ય છે.

(૮) આ દેરાસરના નિર્માણમાં સૌથી મહત્વનો અધિક ફાળો આપનાર (અ) શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી (અમદાવાદ) (ખ) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દેરાસર પેઢી, વિરમગામ (ગ) શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, તેમજ (ધ) શ્રી અનંતનાથ દેરાસરજી ટ્રસ્ટ - મુંબઇના નામનો વિશિષ્ટ પ્રકારે ઉલ્લેખ કરી દેરાસરનાં અથવા બહાર સુયોગ્ય જગ્યાએ આરસની તકની લગાડવી.

સવિશેષ જણાવવાનું કે દેરાસરનું નિર્માણ ખૂબજ ઉલ્લાસ વચ્ચે ઉમંગથી આગળ ધપી રહ્યું છે. સોનામાં સુગંધ ભળે તેમ શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિના શીરમોર અનંતનાથ દેરાસર ટ્રસ્ટ તરફથી દેવદ્રવ્યના રૂા.૨૧/- લાખનું વચન મળેલ છે. આ ટ્રસ્ટ દ્વારા મોડપર દેરાસરને અગાઉ પણ વર્ષો સુધી નયમિત અનુદાન મળેલ છે. શ્રી અનંતનાથ દેરાસરજી ટ્રસ્ટ ખારેક બજાર, મુંબઇને ખૂબ ખૂબ અભિનંદન અને અનુમોદન.

ચાલો, આપણે સૌ સોનેરી તક ઝડપી લઇ, સાથે મળીને શ્રી સુપાર્શ્વનાથ દાદાનું સ્થાન મોડપર ને અચલગચ્છનું શિરમોર તીર્થધામ બનાવીએ. આપ સૌના તન, મન, ધનના સહકારની આશા સાથે,

**શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજ શ્વેતાંબર મુર્તિપૂજક દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ વતી**

**પંકજ કેશવજી ધરમશી-પ્રમુખ ટ્રસ્ટી** — **અશોક મણીલાલ દંડ-ઉપપ્રમુખ ટ્રસ્ટી**
**સુનીલ માણેકજી લોડાય-ઉપપ્રમુખ ટ્રસ્ટી** — **જીવરાજ કીલાચંદ નાગડા-સેક્રેટરી ટ્રસ્ટી**
**ભુપેન્દ્ર લખમશી લોડાયા-સહ સેક્રેટરી ટ્રસ્ટી** — **નવીનચંદ રતનશી લોડાયા-ખજાનચી ટ્રસ્ટી**
**મનોજ ભવાનજી ખોના-સહ ખજાનચી, ટ્રસ્ટી**

# શ્રી રંગપુર ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન
# શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસરજી અને મહાજનવાડી ટ્રસ્ટ

## સામાન્ય સભાનો પરિપત્ર

**શ્રી રંગપુર કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિના ભાઇઓ-બહેનો જોગ,**

શ્રી રંગપુર કચ્છી દશા ઓશવાલ જૈન શ્રી ભીડભંડન પાર્શ્વનાથ દેરાસરજી અને મહાજનવાડી ટ્રસ્ટ તેમજ શ્રી દશા ઓશવાલ જૈન ઉપાશ્રય અને મહાજનવાડી-રંગપૂર ટ્રસ્ટના સભ્યોની સામાન્ય સભા વિ.સ. ૨૦૬૯, વૈશાખ સુદ ૧૦ને રવિવાર **તા.૧૯.૫.૨૦૧૩**ના સાંજના ૬.૩૦ કલાકે શ્રી રંગપુર દેરાસર ના ઉપાશ્રયે રંગપુર મુકામે મળશે. જે વેળા નીચે પ્રમાણે એજન્ડાના કાર્યો હાથ ધરવામાં આવશે.

**-: એજન્ડા :-**

૧. ગત સભાની મીનીટસનું વાંચન અને બહાલી
૨. રંગપુર દેરાસરમાં પરિકર-અષ્ટપ્રતિહાર્ય તેમજ ગભારામાં પીછવાઇ બનાવી પ્રતિષ્ઠા કરવા બાબત વિચારણા કરી ઘટતું કરવા.
૩. દેરાસરમાં માર્બલનું ઘસાઇકામ કરાવી સુશોભીત બનાવવું.
૪. દેરાસરજીને રંગકામ તેમજ બારણાંઓને પાલીશ કરાવવા.
૫. દેરાસરમાં બધી પ્રતિમાઓ, દેવ-દેવીઓને ઓપ કરી જરૂર હોય ત્યાં ચક્ષુ બેસાડી ઘટતું કરવા.
૬. દેરાસરજીના ફ્લોરમાં નવી સુશોભીત આરસ રંગીન ઈનલે વર્ક સાથે બેસાડવી.
૭. દેરાસરજીમાં પટ્ટને આરસમાં ઘડાવી નવા બેસાડવા
૮. હાલની ભોજનશાળામાં નીચે તેમજ ઉપર અતિથીગૃહના નવા સેલ્ફ કન્ટેઈન્ડ રૂમો બનાવવા.
૯. ઉપાશ્રયની બાજુની જુની રૂમો તોડી ત્યાં ભોજનશાળા તથા અન્ય આયંબીલ ભવન વગેરે ખંડો બનાવવા.
૧૦. દેરાસરજીમાં હાલની રૂમોનું સુશોભીકરણ કરવું.
૧૧. દેરાસરજીમાં પાણીની પૂરતી વ્યવસ્થા કરવા પાણીના ટાંકા-ટાંકી વગેરે સુયોગ્ય સ્થળે બેસાડવા.
૧૨. દેરાસરજીમાં અને મહાજનવાડીના પરિસરમાં ફ્લોર પર ટાઇલ્સ અથવા અન્ય યોગ્ય વસ્તુ બેસાડી સુશોભીત બનાવવું.
૧૩. દેરાસરજીનું ૨૫મું વર્ષ (સીલ્વર જયુબલી) તા.૫.૫.૨૦૧૪થી શરૂ થાય છે. માટે તે વર્ષે પૂ. સાધ્વીજી ભગવંતોનું ચાતુર્માસ કરાવવા વિચારણા કરી ઘટતું કરવા.
૧૪. દેરાસરના ટ્રસ્ટના હિસાબો રજૂ કરવા ઘટતું કરવું.
૧૫. પ્રમુખશ્રીની મંજુરીથી જે રજુ થાય તે.

આપ સૌ રંગપુરવાસીઓને આ સામાન્ય સભામાં પધારવા વિનમ્ર વિનંતી.

**ટ્રસ્ટબોર્ડ વતી**

**બીપીન પાશ્વીર નાગડા** (માનદમંત્રી) ના જય જિનેદ્ર વાંચશોજી.

# જ્ઞાતિ પ્રતિભા : અભિનય ક્ષેત્રે - શ્રી ચાંપશી ભારમલ નાગડા

બાપ-દાદા અને પૂર્વજોએ દોરી આપેલી ધંધાની એકાદ લાઇન કે ક્ષેત્રમાં આપણા ઘણા જ્ઞાતિબંધુઓ પૂરાઇ રહેતા જોવામાં આવે છે અને હવે બદલાતા જમાના પ્રમાણે રૂ જેવા ધંધાના એકલા ક્ષેત્રને છોડી જૂદા જૂદા ધંધા તરફ વળવાની જ્યારે ખાસ જરૂર છે ત્યારે એક નવા જ ધંધાના અને તેમાંય કલાના ક્ષેત્ર તરફ વળેલા એક જ્ઞાતિબંધુ શ્રી ચાંપશીભાઇ નાગડાનું દૃષ્ટાંત જ્ઞાતિના અન્ય ભાઇઓ માટે ઉપયોગી બની શકે તેવું છે.

આપણે જાણીએ છીએ કે આપણી જ્ઞાતિ વેપાર-વણજમાં પડેલી છે એટલે જ્ઞાતિમાંથી નવી લાઇન તરફ વળનાર ભાઇઓ ઉભા થાય તો પણ તે કેવળ કમાણી અને ધંધાની દૃષ્ટીએ જ હોય જે લાઇનમાં કમાણીને બદલે સખત મુસીબતો હોય તેના તરફ વળીને તેમાં આગળ વધનારા ભાગ્યે જ હોય છે. ચાંપશીભાઇએ જે લાઇનમાં સાધના શરૂ કરી છે તે લાઇન અભિનય-નાટક-સિનેમા જેવી કલાના અભિનેતા તરીકેની છે.

કોઇને સાધારણ રીતે ખ્યાલ પણ ન આવે કે જેના પિતા ક્લીઅરીંગ એજન્ટનો ધંધો કરતા હોય તેનો વેપાર ધંધા વચ્ચે ઉછરેલો અને ગુજરાતી સાત ચોપડીનું શિક્ષણ પામેલો પુત્ર આવી સખત હેરાનગતી કરાવનારી લાઇનમાં દાખલ થાય ! પણચાંપશીભાઇની બાબતમાં આમ બનવાનું કારણ બચપણથી જ આ કલા તરફની તેમની લગની અને તેમાં સફળતા મેળવવાની મહત્વકાંક્ષા હતું એટલે તો પિતાશ્રીનું અવસાન થતાં એમના ભાગીદારીના વેપારની ખટપટોને બાજુએ મુકી રૂની પેઢીમાં એ ભાઇ નોકરીમાં રહ્યા ત્યાં પણ એમને ફાવ્યું નહિ. એમનું મન એમને રંગભૂમિ તરફ દોરી રહ્યું હતું. અંતરનો અવાજ એમને એ અજાણી છતાં પ્રિય લાઇનની આરાધના કરવા બોલાવી રહ્યો હતો અને જુવાન ચાંપશીભાઇએ એ લાઇન તરફ ઝુકાવ્યું.

ચાંપશીભાઇ જેવો બીન અનુભવી માણસ : એને કોઇ લાગવગ નહિ : નાટક અને સિનેમા જેવા ક્ષેત્રમાં એને કેટલી નિરાશા અને અડચણો વેઠવી પડે એ તો જે પ્રત્યક્ષ અનુભવ કરે તે જ સમજી શકે એવી વાત છે. શરૂઆતથી જ ચાંપશીભાઇ જાુદા જાુદા ફિલ્મ દિગ્દર્કોને પોતાના ફોટા મોકલતા, તેઓ પાસે પોતાના કામની પરીક્ષા આપવા ઘરના પૈસા ખર્ચી હેરાન થતા હતા. એકવાર એક દિગ્દર્શકે એમને વારંવાર ધક્કા ખવરાવી અંગ્રેજી ભાષામાં સવાલો પૂછવા માંડ્યા અને પોતે અંગ્રેજી નહોતા જાણતા અટેલે બીજા એક જોડીદારની સાથે મુલાકાત લઇને પણ પોતાની કામ કરવાની શક્તિની ખાત્રી કરાવી ચાંપશીભાઇએ અભિનેતા તરીકે કામ મેળવ્યું હતું.

કલાના ક્ષેત્રમાં આવી તો અનેક મુશ્કેલીઓ હોય છે. પણ જેને કલાના સંસ્કાર અને પ્રેમ હોય છે તે એ બધું વેઠીને પણ એની તપશ્ચર્યા કરે છે ને એ જ સાચી ઉપાસના છે એમ કહેવું અસ્થાને નથી.

એમણે નાની વયે પાઠશાળામાં થયેલા સમારંભમાં 'વીર અભિમન્યુ' ના પ્રયોગમાં યુદ્ધિષ્ઠિર તરીકે તેમજ એક પ્રહસનમાં ગામઠી મહેતાજીની ભૂમિકાથી શરૂઆત કરી હતી અને તે પછી તો શોખ વધતાં જ્ઞાતિયુવાનોનું એક કલા મંડળ પણ શરૂ કર્યું હતુ. નરશી નાથા સ્મારક સમિતિ માટે ભજવાયલા 'પટેલશાહી' નામક નાટકમાં જ્ઞાતિ પટેલોના દોરને ખૂલ્લી પાડતી કાળા પટેલની ભૂમિકામાં અચ્છી પ્રશંસા મેળવી હતી. આ પૂર્વે 'વસમા બંધન' નામક નાટકમાં નિશાનાથ બેરીસ્ટર તરીકે પણ સફળ ભૂમિકા ભજવી હતી.

રંગભૂમિ તરફની આ પ્રવૃત્તિ સાથે ચાંપશીભાઇ ચલચિત્રો તરફ પણ ખેંચાયા. પણ જ્ઞાતિના ઘણા જાૂના વિચારવાળા વડીલો 'નાટક-ચેટક' તરીકે એવી કલાની ઉપેક્ષ કરતો હોવાથી એમનું કલામંડળ બંધ પડ્યું. એમણે પોતાના ધ્યને ટકાવવા માટે સ્વતંત્ર ધંધા તરીકે ઘડીઆળનો ધંધો શરૂ કરી બીજી બાજુ કલાની પ્રવૃત્તિ ચાલુ રાખી. ચન્દ્રવદન મહેતાના 'નાગાબાવા' માં મહંતની ભૂમિકા સફળ રીતે ભજવી.

આ પ્રસંગો પછી તો ચાંપશીભાઇ ખીલી નીકળ્યા. ડૉ. પુનસી હીરજી હેલ્પીંગ સોસાયટી માટે ભજવાયેલા 'સરમુખ્તયારી' લવજી કામા ફેસ્ટેવલ 'સ્વપ્ન દ્રષ્ટા' માં, પીપલ્સ થીએટરના ગુણવંત આચાર્યના 'અલ્લા બેલી' માં તેમજ દુષ્કાળ રાહત પ્રસંગે ખાસ ઉભી થયેલી 'રંગભૂમિ' સંસ્થાના નાટકમાં ઘણી ભૂમિકાઓ ભજવી હજી પણ આ સંસ્થાની પ્રવૃત્તિમાં જ ચાંપશીભાઇ પોતાના સમયનો ભોગ આપે છે.

સિનેમાક્ષેત્રમાં પણ 'બરાત' નામના ચિત્રમાં આ ભાઇને ભૂમિકા આપવામાં આવી હતી. ગુજરાતી ભાષાના ચિત્રો તે પછી શરૂ થતાં 'ભક્ત સૂરદાસ ' 'જોગીદાસ ખુમાણ' વગેરેમાં જાુદી જાુદી ભૂમિકા કરી અને પદ્મ પ્રોડક્શન્સના 'જમાઇરાજ' માં એમની ભૂમિકા છે. એ ઉપરાંત 'રૂપછાયા ચિત્ર નામની સંસ્થામાં ભાગીદાર તરીકે જોડાઇ એમણે એના તૈયાર થનાર 'કહ્યાગરા કંથ' નામક ગુજરાતી ચિત્રમાં પણ ભૂમિકા સ્વીકારી.

આમ રંગભૂમિ અને ચિત્ર પરની કલાની દુનિયામાં સતત પરિશ્રમ અને સાધના કરી.

***('પ્રકાશ'ના માર્ચ ૧૯૫૦ના અંકમાંથી)***

## કાવ્ય-પ્રકાશ : દાદા ભલારા

**(રાગ : વિઠ્ઠલ... વિઠ્ઠલ... વિઠ્ઠલા...)**

દાદા... દાદા... દાદા... ભલારા દાદા,
દાદા... દાદા... દાદા... દશાઓનો દાદા,
દાદા... દાદા... દાદા... લાલપુરના દાદા,
સુથરી તીરથે જન્મેલા, ચૈઈતરી પૂનમે ચમકેલા, ....૨
પાગ પછેડી પહેરેલા, વાંકડી મુછે ભરેલા....૨
ઢાંઢર કાંઠે બેસેલા, ગાયું-ભેંસું ચારેલા, ....૨
મિરચો માની ખાધેલા, દૂધ-છાય પીધેલા ....૨
કઢી-ખિચડી ખાધેલા, છુટે હાથે દીધેલા ....૨
ભલાઈ ભાલો ભેરેલા, ધોરે ઘોડે ઘોડેલા, ....૨
અજવાળીને આવેલા, અંધારાને ઠેસેલા, ....૨
દુઃખીયાના દુખો તાણેલા, કપટીઓને કાપેલા, ....૨
સીધે રસ્તે આણેલા, ડુબતાને તારેલા ....૨
ચાર હાથે ઝાલેલા હારે હારે હાલેલા....૨
સીધા ક્યોંતા ધારેલા, વેરીઓને વારેલા....૨
તુટેલાને સાંધેલા... ભીના ભીતરે વસેલા, ....૨
ભલાઈયેંજા ભલેરા.. એક ખીલે બાંધેલા, ....૨
લાલપુરમાં દીઠેલા, હાકલ પડતાં ઉઠેલા, ....૨
પહેડીએ પધારેલા, ભાણાંએ ભળેલા ....૨
શીરો ડારેજો ખાધેલો, અબોટ પાણી પીધેલા ....૨
પહેડી-પ્રસાદે રીઝેલા, હેત હિંચકે હિંચેલા, ....૨
વંશ વારસ દીધેલા, ધૂપ ધૂમાડે નાચેલા ....૨
દશાઈઓના પૂજેલા, લાલપુરમાં સીજેલા ....૨
ચરણ ચૂમે મૂંઝેલા, શરણ માગે ધ્રૂજેલા, (થાકેલા)
દિનેશ ભૂવાએ દીઠેલા, કિશોર સાંયાએ સાધેલા ....૨
જન-મનમાં જોડેલા, લાખેણી “લહેરે” લોડેલા ....૨
સૌને લહેરમાં રાખેલા ....૨

**- લહેરચંદ વેલજી મૈશેરી (ભાંડુપ)**

## કાવ્ય-પ્રકાશ : નલીયા તિર્થ

નલીયા-નલીયા મારા મનમાં રમે,
ચંદ્રપ્રભુ દાદા અમને સૌને ગમે,
નરશી નાથાનું ગામ છે નલીયા,
વીરજી લધ્ધાના જ્ઞાનનો વારસો છે નલીયા,
પંચતિર્થીનું પંકાતું ધામ છે નલીયા.... નલીયા...

શાંતિનાથ દાદાના દર્શન કરતાં શાંતિ ઘણી થાય છે,
અષ્ટાપદજી જેવું નલીયાનું દેરાસર સોહાય છે,
જીરાવલ્લા દાદાના દર્શનથી મનડું હરખાય છે....નલીયા...

વીર-મહાવીરસ્વામિની મહેર ઘણી વર્તાય છે,
ગુણોદયસાગરસૂરીશ્વરજીના આશીર્વાદ ઉભરાય છે...નલીયા...

સિધ્ધાચલની તળેટી જાુહારતાં ધર્મનાથદાદા દેખાય છે,
નલીયાના સપુત ખોના પરિવારનું નામ રોશન થાય છે,
ગિરરાજ ઉપરે નરશી નાથાની ટૂંક પ્રખ્યાત છે,
પાલીતાણા તિર્થે શેઠશ્રીની ધર્મશાળા વખણાય છે,
શત્રુંજ્ય ચડતા-ઊતરતાં લીલી પરબ શાંતતા આપે છે.
ધર્મશાળાએ ચંદ્રપ્રભુ દાદાનું દેરાસર દીપે છે.... નલીયા...

નલીયા તિર્થ તો મારા પિયરનો દરીયો છે,
નલીયાનું નામ લેતાં આનંદ ઊભરાય છે,
“અંજુ” કહે કરજોડી-દાદા નલીયાની રાખજો સદા ચડતી
નલીયા...

**- સૌ. અંજના જયંતિલાલ ગોશર (અંધેરી)**

## પાસથયાના સમાચાર/ફોટા

જ્ઞાતિના SSC અને તેથી ઉપરના છાત્રોના વાર્ષિક પરીણામો નિઃશુલ્ક પ્રકાશિત થશે. 70% થી ઉપરના પરીણામો માટે ફોટો પણ આપી શકાશે.
દરેક છાત્રે રીઝલ્ટ માટે **પુરું નામ, હાલનું ગામ અને કોર્સ, પરીણામ ટકાવારી** સહીત લેખિત જણાવવું. પરિણામ/ફોટા ટપાલથી, રૂબરૂ કાર્યાલય અથવા ઈન્ટરનેટ દ્વારા મોકલી શકાશે.


**નોકરી ખાલી છે**

**જોઈએ છે અમારી મુલુંડ સ્થિત ઓફિસ માટે યુવક-યુવતી, Tally-ERP તથા M.S. Officeના જાણકાર, ફૂલ ટાઈમ માટે.**
**આપના બાયો-ડેટા સાથે ફોન કરી રૂબરૂ મળવા વિનંતી.**
**(સમય : ૯.૩૦ થી ૫.૦૦)**
**ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનને પ્રથમ પસંદગી**
Tel. : 2564 7572

**પાલવ બાંધણીનો મુદ્રાલેખ**
**તદ્દન વ્યાજબી દામે ઉત્તમ વસ્ત્રો આપવા**
પાલવ એટલે ગ્રાહકોનો વિશ્વાસ,
અન્ય કોઈની વાતોમાં ના આવતા જાતે આવી ખાતરી કરો.
**ભવ્ય વાર્ષિક સેલ**
**૪૦%** સુધીના આકર્ષક વળતર સાથે, કચ્છી બાંધણી ભભકાદાર ઘરચોળા બોર્ડર ડ્રેસ મટેરિયલ્સ ચણિયાચોલી બ્લોક પ્રીન્ટેડ ફેબરીક
શોપ નં.૧, ઓ-વીંગ, વર્ધમાનનગર, ભક્તિમાર્ગ, મુલુંડ (વે), મુંબઈ-૮૦ ફોન : 25616842 / 25906287
www.palav.com, Contact : @palav.com
**સેલ દરમ્યાન રવિવારે દુકાન ચાલુ રહેશે**



॥ શ્રી આદિનાથાય નમઃ॥

॥ શ્રી ગણેશાય નમઃ॥ ॥ જય શ્રી મોમાઈ માતા ॥ (સાંચરા) ॥ શ્રી ક્ષેત્રપાળ દાદાય નમઃ॥



## ગામ સાંચરા મધ્યે બિરાજમાન મોમાયા કુળના કુળદેવી

# શ્રી મોમાઈ માતાજીની તૃતિય સમુહ પહેડી

**વૈશાખ સુદ ૯ ને રવિવાર તા. 19-5-2013 ના રોજ આપ સૌ સ્નેહી સ્વજનો, નિયાણી બહેનો તથા આમંત્રીત મહેમાનો ને આ પ્રસંગે સહકુટુંબ પધારી પહેડી પ્રસાદનો લાભ લેવા સ્નેહ ભર્યુ આમંત્રણ આપીએ છીએ.**

**કાર્યક્રમ**

સવારે 7-30 કલાકે - નવકારશી

સવારે 8-45 કલાકે - માતાજીનું સામૈયુ

સવારે 9-20 કલાકે - માતાજીના પોખણા

સવારે 9-30 કલાકે - કુંભ સ્થાપના-ભક્તિ ભાવના

બપોરે 11-35 કલાકે આરતી -થાળ-નૈવેધ

બપોરે 12-30 કલાકે પુજ્ય શ્રી માતાજીનો પ્રસાદ

**શુભ સ્થળ**

**લાડકોરબાઈ કપોળ વાડી, બીજે માળે,**
**53-55 મહાત્મા ગાંધી રોડ,ઘાટકોપર, વેસ્ટ, મુંબઈ-86.**

સંપૂર્ણ પહેડીના લાભાર્થી પરિવાર

**માતુશ્રી ખેતબાઈ મેઘજી મોમાયા (સમસ્ત પટેલ પરિવાર) સાંચરા**


નોંધ- શ્રી ફળ પ્રથા બંધ છે, થાળમાં રોકડા પૈસા નાખવા પહેડી દરમીયાન કોઈએ કાળા વસ્ત્રો પહેરવા નહી.બહેનો એ બાંધણી અને પુરૂષો એ સફેદ વસ્ત્ર પરિધાન કરવું. તથા સમયસર પધારી વિધિ-વિધાન ભક્તિ સંગીત તથા પ્રસાદનો લાભ લેવા નમ્ર વિનંતી

**લિ. સાંચરા મોમાઈ માતાજી ના ભાવિકો ના જય માતાજી**


Since 1984...

**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)

જુના ઘરચોળા લેવામાં આવશે.

**Mob.: 7666688881**

ગુરૂવાર બંધ


## વરસીતપના પારણા

પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજીની જન્મ શતાબ્દિ નિમિત્તે અમારા પૂજ્ય વડીલ **શ્રી હીરાચંદ રાયચંદ ધુલ્લા** (સુથરી-મુલુન્ડ) તા.૧૨.૪.૧૩ના આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં પાલિતાણા ખાતે અને અમારા પૂજ્ય વડિલ **સૌ.રેખા હીરાચંદ ધુલ્લા** (સુથરી-મુલુંડ) પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં મુંબઈ ખાતે અક્ષયતૃતીયા રવિવાર તા.૧૨.૪.૧૩ના શુભ દિને ગોરેગામ NSE ગ્રાઉન્ડ ખાતે પારણાં કરશે. આ પ્રસંગે સર્વે સગાસંબંધીઓ જ્ઞાતિજનોને પધારવા આમંત્રણ છે સર્વે તપસ્વીઓને સુખશાતા. તેમનો તપસ્વી બેઠક **ક્રમાંક ૯૧૮** છે.

**સુખશાતા-અનુમોદના**

**સૌ.સ્નેહા અમીત ધુલ્લા**
**સૌ.વેદા (વર્ષા) ઝરણ ધુલ્લા**
**ચિ. મયંક વિનોદ ધુલ્લા**
**સૌ. નિલુ મહેક વિક્રમશી**
**સૌ. પૂજા આશિષ ગાંધી**
**સૌ. જિનલ ચેતન ધુલ્લાના જય જિનેન્દ્ર**

## આરોગ્ય-પ્રકાશ : 'ડાયાબિટીઝ' : ધ સાયલન્ટ કીલર – ડૉ. વીરચંદ લખમશી નાગડા (મુલુન્ડ)

***ગતાંકથી ચાલુ....***

લીલાવતી હોસ્પિટલના ડૉ. શશાંક જોષીના ૧૨ વર્ષના અભ્યાસમાં જણાયું કે મુંબઈ અને અમદાવાદમાં ૧૩ થી ૨૫ વર્ષના યુવાનોમા ટાઈપ ટુ ડાયાબિટીઝનું પ્રમાણ લાઈફ સ્ટાઈલ ચેંજીસને લીધે વધી રહ્યું છે જેમાં ખાસ કરીને ખાવા પીવાની અયોગ્ય ટેવો અને વેસ્ટર્ન લાઈફસ્ટાઈલ છે. એમાંના ઘણાંને ડાયાબિટીઝને લીધે કોમ્પ્લીકેશન થયા ત્યારે ખબર પડી કે તેમને ડાયાબિટીઝ છે. ૫૦% બાળકોને નોરમલ વજન હોય છતાં ડાયાબિટીઝ થાય છે.

ડાયાબિટીઝને લીધે હૃદયરોગ, અપંગત્વ, સ્ટ્રોક, આંખના રોગ, વ્યંધ્યત્વ, કીડનીના રોગ, નર્વસના રોગ, ઈન્ફેક્શન, ગેંગરીન, ખાસ કરીને લોહીની નસો અને નર્વસને નુકશાન થાય છે. મુંબઈમાં ૧૭ લાખ કરતાં વધુ ડાયાબિટીઝના દર્દી છે તેમાનાં ૨૦%ને પગને લગતી (ડાયાબિટીક ફુટ) બિમારીઓ બ્લડ સુગર કન્ટ્રોલમાં ન રહેતા લાગુ પડે છે અને યોગ્ય સમયે ઈલાજ ન થાય તો પગ કપાવવા પડે છે. બ્લડસુગર કંટ્રોલમાં ન રહે તો પગમાં ઝખમ થાય તો પણ, જ્યાં સુધી ઝખમ પાકે કે વધુ લોહી નિકળવા લાગે ત્યાં સુધી ખ્યાલ નથી આવતો. યોગ્ય સમયે ઈલાજ કરો, બ્લડસુગર કંટ્રોલમાં રાખો.

જાપાનના વૈજ્ઞાનિકોએ નોંધ્યું કે જુવાનો અને બાળકોમાં જ્યારે પેનક્રીયાસમાંના ઈન્સ્યુલીન ઉત્પન્ન કરનાર સ્પેશિઅલ સેલને નુકશાન થાય છે ત્યારે ડાયાબિટીઝ લાગુ પડે છે. આંતરડાના ઉપયોગી બેક્ટેરીઆ ખોરાકને પચાવવામાં મદદ કરે છે અને આપણને તાકાત મળે છે અને એને લીધે શરીરમાં જુદા જુદા ઈન્ફેક્શન કરનાર ખરાબ બેક્ટેરીઆનો નાશ કરે છે. વૈજ્ઞાનિકોએ પ્રયોગોથી બતાવ્યું કે આંતરડાના સારા બેક્ટેરીઆ શરીરમાં સારી અસર કરે છે, ડાયાબિટીઝ થતું અટકાવે છે માટે બાળકો, યુવાનોએ દહીં ખાસ ખાવું જોઈએ કેમકે તેથી આ બેક્ટેરીઆ આંતરડામાં વધે છે પણ બહારના પદાર્થો, ઠંડાં પીણાં, ફાસ્ટફુડ જેટલા બને એટલા ઓછા લ્યો, બની શકે તો ત્યજો.

લો ફેટ, લો કેલેરીવાળુ દહીં, સફરજન, મીસો જે ફરમેન્ટેડ સોયામાંથી બને છે, જાપાની લોકો 'ક્યુસીન'માં વાપરે છે. સૉરકોટ જે ફરમેન્ટેડ કોબી હોય છે. જર્મન ક્યુસીનમાં વપરાય છે અને કેફીર નામનું ફરમેન્ટેડ મીલ્ક પ્રોડક્ટ છે આ બધામાં ઉપયોગી હેલ્થી બેક્ટેરીયા હોય છે. સ્વીટ્ઝરલેન્ડ અને કેનેડાની વૈજ્ઞાનિક ટીમોએ જેનેટીક એન્જીનીયરીંગ ટેક્નીકની મદદથી ઉંદરો પર પ્રયોગો કરી શોધ્યું કે આંતરડાના બેક્ટેરીઆ બાયો કેમિકલ અને હાર્મોન્સ ઉત્પન્ન કરે છે જે ડાયાબિટીઝ થતું અટકાવે છે. બલ્ગેરીઅનો આહારમાં બંને વખત દહીં લે છે, સૌથી વધારે શતાયુ લોકો ત્યાં છે. મલાઈ વગરનું દહીં રોજ ખાવાથી ડાયાબિટીઝ થવાની શક્યતા ઘટે છે, બી.પી. કન્ટ્રોલમાં રહે છે.

ડાયાબિટીઝ ન થાય એ માટે આદર્શ વજન જાળવવું કે વધુ વજન હોય તો આદર્શ વજન મેળવવું અને એને વધવા ન દેવું. (૨) શારીરિક રીતે કાર્યરત રહેવું. ઓછામાં ઓછું ૩૦ મીનીટ નિયમીત કસરત, ચાલવાનું રાખવું. વજન ઓછું કરવું હોય તો હજી વધુ કસરત કે ચાલવું. (૩) ડાયાબિટીઝ લાઈફ સ્ટાઈલ ચેન્જ કરવાથી રોકી શકાય. જેમને ડાયાબિટીઝ હોય એમણે ખોરાકમાં સેચ્યુરેટેડ ફેટ-વનસ્પતિ ઘી, પામતેલ, ચીઝ, બટર, મલાઈ, આઈસ્ક્રીમ ઘટાડી, ગળ્યા પદાર્થ બંધ કરી દિવસમાં ૪ થી ૫ વખત ફ્રુટ, શાકભાજીવાળું પૌષ્ટિક ખોરાક લ્યો. યોગ્ય ટ્રીટમેંટ લ્યો. ઈન્જેક્શન લેતા હોય એમણે ઈન્જેક્શનની જગ્યા બદલી કરતા રહેવું. દર ૪-૫ મહિને કે જરૂર હોય તો પહેલા બ્લડ સુગર તપાસ કરો. કુટુંબમાં આઘાતજનક બનાવ બને તો ડાયાબિટીઝ વધવાની શક્યતા છે માટે ધ્યાન રાખવું, જરૂર હોય તો બ્લડસુગર ચેક કરાવી લેવું. ડાયાબિટીઝના રોગી ઘણે ભાગે જાડા હોય એટલે વજન ઉતારવા ૨ ટાઈમ ખાય, વચ્ચે ભૂખ્યા રહે તે બરાબર નથી. ૪ થી ૫ ટાઈમ થોડું થોડું ખાવું ફાયદાકરક. કયારેક લોહીમાં સાકર ખૂબ ઘટે તો પસીનો, કમજોરી, ગળવા જેવી સ્થિતિ, હાલ ચાલ કે કોઈ પ્રવૃત્તિમાં તાલમેલ ન હોય, હાથપગ ધ્રૂજે (હાઈપોગ્લાઈસીમીઆ) તો પાણી કે દૂધ સાથે સાદી સાકર લઈ લેવી. ઈન્સ્યુલિનના ઈન્જેક્શન ચાલુ હોય અને આવું થતું હોય તો ડૉઝ ઘટાડવો જોઈએ.

દિવસની શરૂઆત નવસેકા પાણીમાં લીંબુ નાખી, પીને કરો. ગોળ પણ ડાયાબિટીઝવાળાને નુકશાન કરે. મીઠાઈ કરતાં ફળો ખાવા સારા. ખાટા ફળોતો લઈ જ શકાય પણ મીઠાં ફળો થોડા પ્રમાણમાં લઈ શકાય. એમાં કુદરતી સાકર સાથે વિટામીન્સ મીનરલ્સ, ફાયબર હોય છે. ફળોના રસ ન લ્યો. કલીંગરમાં ખૂબ પ્રમાણમાં એલસટ્રુલીન એઝાઈનો એસીડ હોય છે. જેનાથી ડાયાબિટીઝ, હાઈ બી.પી. માં ફાયદો થાય છે. પ્રોસેસ કર્યા વગરના અનાજ, કઠોળ (હોલ ગ્રેઈન) લ્યો. ક્રોમીયમ ધરાવતા પદાર્થો સફરજન, બ્રોકોલી, જવ, મકાઈ, સૂકા મેવા, મશરૂમ, ટમેટા, શક્કરીઆ લ્યો જેથી ઈન્સ્યુલીન વધારે ઉત્પન્ન થાય. ગ્રીન ટી, અળશી, લસણ, આદુ, મરચાં, તજ લ્યો. સેકેરીન જેવા આર્ટીફીસીઅલ સ્વીટનર નુકશાન કરે, કેન્સર પણ થઈ શકે.

***(ક્રમશઃ)***

# શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ, ઘાટકોપર
# શ્રી સી.ડી.ઓ. જૈન શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ
# શ્રી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન કન્યા છાત્રાલય

**સંસ્થાઓને વિવિધ ભેટ યોજના હેઠળ તા.૦૧.૦૪.૧૨થી ૩૧.૦૩.૧૩ દરમ્યાન મળેલ ભેટની યાદી**

| ક્રમ | દાતાશ્રીનું નામ | વિદ્યાર્થીગૃહ | એસ.પી.એસ. | કન્યાછાત્રાલય | કુલ રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | વીરજી લધાભાઈ ટ્રસ્ટ (ફોર્ટ) | ૮૦૦૦૦૦ | ૧૦૦૦૦ | ૧૦૦૦૦ | ૮૧૦૦૦૦ |
| ૨ | શ્રી માણેકજી વેલજી ખોના ચેરીટેબલ ફાઉન્ડેશન-કાયમી સ્કોલરશીપ ફંડ | - | ૨૯૩૫૮૭ | - | ૨૯૩૫૮૭ |
| ૩ | માતુશ્રી લક્ષ્મીબેન જીવરાજ મહેશ્વરી, હસ્તે શ્રીમતી કલ્પનાબેન હિરાચંદ મહેશ્વરી (વિલેપાર્લે) રૂા.૨૧,૦૦૦/- લેખે વિદ્યાર્થીગૃહના ૬ વિદ્યાર્થીઓની વાર્ષિક હોસ્ટેલ ફી | ૧૨૬૦૦૦ | - | - | ૧૨૬૦૦૦ |
| ૪ | શ્રી વાલજીભાઈ એચ. વોરા (થાણા) કાયમી ફંડ | ૧૦૦૦૦૦ | - | - | ૧૦૦૦૦૦ |
| ૫ | શ્રીમતી નવલબાઈ વિરચંદ વાલજી મોમાયા હસ્તે શ્રી શ્રેણીકભાઈ કાયમી સ્કોલરશીપ ફંડ | | ૫૧૦૦૦ | | |
| | શ્રીમતી નવલબાઈ વિરચંદ વાલજી મોમાયા હસ્તે શ્રીમતી જ્યોતી શ્રેણીક મોમાયા કાયમી સ્કોલરશીપ ફંડ | | ૧૧૦૦૦ | | |
| | શ્રીમતી નવલબાઈ વિરચંદ વાલજી મોમાયા હસ્તે પુજા એસ. મોમાયા-કાયમી સ્કોરલશીપ ફંડ | | ૧૧૦૦૦ | | |
| | શ્રીમતી નવલબાઈ વિરચંદ વાલજી મોમાયા હસ્તે કલ્પના જે. ખોના-કાયમી સ્કોલરશીપ ફંડ | | ૧૧૦૦૦ | | ૮૨૦૦૦ |
| ૬ | ખીમજી કુંવરજી ટ્રસ્ટ, દિવાળી બોણી | ૫૦૦૦૦ | ૫૦૦૦ | ૭૫૦૦ | ૬૨૫૦૦ |
| ૭ | શ્રી પ્રફુલચંદ લઘુભાઈ લોડાયા, (મોટીખાવડી-મુલુંડ) પ્રતિવર્ષ તા.૧૬.૮ ના જન્મદિન નિમિત્તે મિષ્ઠાનભોજન અર્થે કાયમી ફંડ પેટે | ૫૧૦૦૦ | | | |
| | શ્રી પ્રફુલચંદ લઘુભાઈ લોડાયા, (મોટીખાવડી-મુલુંડ) તા.૧૬.૮.૧૨ના જન્મદિન નિમિત્તે મિષ્ઠાનભોજન | ૫૦૦૦ | - | - | ૫૬૦૦૦ |
| ૮ | શ્રીમતી રેખાબેન કિરીટ શાહ પરિવાર (મુલુંડ) | ૫૧૦૦૦ | - | - | ૫૧૦૦૦ |
| ૯ | સ્વ.શ્રી સુરેન્દ્ર લક્ષ્મીચંદ નાગડા, માટુંગા કાયમી સ્કોલરશીપ ફંડ | - | ૫૦૦૦૦ | - | ૫૦૦૦૦ |
| ૧૦ | શ્રી મધુકાંત પદમશી ખોના, ઘાટકોપર દિવાળી બોણી | ૧૧૦૦૦ | ૧૧૦૦૦ | - | - |
| | શ્રી મધુકાંત પદમશી ખોના, ઘાટકોપર તા.૧૮.૧૨.૧૨ના જન્મદિન નિમિતે મિષ્ઠાનભોજન | ૫૦૦૧ | - | - | ૨૭૦૦૧ |
| ૧૧ | શ્રી પદમશી ડોસા ધરમશી હસ્તે શ્રી જીનેશ આર. ધરમશી વ્યાજની રકમ વાપરવાની શરતે કાયમી ફંડ | ૨૧૦૦૦ | - | - | ૨૧૦૦૦ |

| સંસ્થાઓને વિવિધ ભેટ યોજના હેઠળ તા.૦૧.૦૪.૧૨થી ૩૧.૦૩.૧૩ દરમ્યાન મળેલ ભેટની યાદી | | | | | |
|---|---|---|---|---|---|
| ક્ર. | દાતાશ્રીનું નામ | વિદ્યાર્થીગૃહ | એસ.પી.એસ. | કન્યાછાત્રાલય | કુલ રકમ |
| ૧૨ | શ્રીમતી દમયંતીબેન ચાંપશીભાઇ શાહ, પર્યુષણ પર્વ તથા અનંતછાયા ખાતે યોજાયેલ દિક્ષા મહોત્સવ દરમ્યાન બેંડ વગાડવા બદલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત ભેટ | ૧૧૮૦૦ | - | - | ૧૧૮૦૦ |
| ૧૩ | શ્રી નરેશ ભવાનજી મોમાયા (ઘાટકોપર) દિવાળી બોણી | ૧૧૦૦૦ | - | - | ૧૧૦૦૦ |
| ૧૪ | શ્રીમતી કસ્તુરીબેન રાયચંદ લાલકા (બોરીવલી) દિવાળી બોણી | ૧૧૦૦૦ | - | - | ૧૧૦૦૦ |
| ૧૫ | શ્રી કિર્તીભાઇ નેણશી મોમાયા-ચેંબુર પુત્રી ચિ. મિતલના લગ્નપ્રસંગે | ૫૦૦૦ | - | ૨૫૦૦ | |
| | શ્રી કિર્તીભાઇ નેણશી મોમાયા-ચેંબુર દિવાળી બોણી | ૩૫૦૦ | - | - | ૧૧૦૦૦ |
| ૧૬ | શ્રી રાયચંદ ધારશી શિઆલ, અને શ્રીમતી વિમલા રાયચંદ શિઆલ બોરીવલી ૫૧મી લગ્નજયંતી નિમિતે ભેટ | ૫૧૫૧ | ૫૧૫૧ | - | ૧૦૩૦૨ |
| ૧૭ | શ્રી મેઘજી ભાણજી પોલડીયા (નાગપુર) | | - | ૧૦૦૦૦ | ૧૦૦૦૦ |
| ૧૮ | શ્રી હીરાચંદ દામજી દંડ, (અંધેરી-મંજલ) તા.૧.૭.૧૨ના મિષ્ઠાનભોજન | ૫૦૦૧ | - | ૨૫૦૧ | ૭૫૦૨ |
| ૧૯ | મા. મણીબેન જેતશી ગોવિંદજી દંડ પરિવાર (ઘાટકોપર) છઠના પારણા નિમિત્તે મિષ્ઠાન ભોજન | ૫૦૦૧ | - | ૨૫૦૧ | ૭૫૦૨ |
| ૨૦ | શ્રી પદમશી લખમશી લાલકા (આદિપુર) શ્રી તરંગ વિશાલ લાલકાના જન્મદિન નિમિતે મિષ્ઠાન ભોજન તા.૨૨.૮.૧૨ | ૫૦૦૧ | - | ૨૫૦૧ | ૭૫૦૨ |
| ૨૧ | શ્રી ગોવિંદજી જીવરાજ લાલકા-પૌત્ર ચિ. હર્ષિત સંજય ગોવિંદજી લાલકાના લગ્નપ્રસંગે | ૫૦૦૧ | - | ૨૫૦૧ | ૭૫૦૨ |
| ૨૨ | ટી.એમ. ગોસર એન્ડ કું. દિવાળી બોણી | ૫૦૦૦ | - | ૫૦૦ | ૫૫૦૦ |
| ૨૩ | શ્રીમતી ગુણવંતીબેન વશનજી શાહ (કોઇમ્બતુર) | ૫૩૫૦ | - | - | ૫૩૫૦ |
| ૨૪ | શ્રીમતી પાયલ હેમાંગ દૌલત (મસ્જીદબંદર) | | ૫૦૦૦ | - | ૫૦૦૦ |
| ૨૫ | એક ભૂતપૂર્વ વિદ્યાર્થીની તરફથી (મુલુંડ) | - | - | ૫૦૦૧ | ૫૦૦૧ |
| ૨૬ | એક સદગૃહસ્થ તરફથી ભેટ | ૫૦૦૧ | - | - | ૫૦૦૧ |
| ૨૭ | શ્રી નરેન્દ્ર લખમશી નાગડા (નલીયા-ડોંબિવલી) | ૫૦૦૧ | - | - | ૫૦૦૧ |
| ૨૮ | નરશી ફેમીલી ચેરીટેબલ ટ્રસ્ટ (શાંતાક્રુઝ) દિવાળી બોણી | ૫૦૦૦ | - | - | ૫૦૦૦ |

| સંસ્થાઓને વિવિધ ભેટ યોજના હેઠળ તા.૦૧.૦૪.૧૨થી ૩૧.૦૩.૧૩ દરમ્યાન મળેલ ભેટની યાદી | | | | | |
|---|---|---|---|---|---|
| ક્ર. | દાતાશ્રીનું નામ | વિદ્યાર્થીગૃહ | એસ.પી.એસ. | કન્યાછાત્રાલય | કુલ રકમ |
| ૨૯ | જીયા ગુંજન લોડાયા (થાણા) | - | - | ૨૫૦૦ | ૨૫૦૦ |
| ૩૦ | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન (બાંડીયા) | - | - | ૨૫૦૦ | ૨૫૦૦ |
| ૩૧ | શ્રીમતી હર્ષાબેન રાજેન્દ્ર લાલકા (બાંડીયા) ચિ. ભાવિકાના લગ્ન પ્રસંગે મિષ્ઠાનભોજન | - | - | ૨૫૦૦ | ૨૫૦૦ |
| ૩૨ | શ્રી રમેશ પાશ્વીર દંડ (જબલપુર) | ૨૧૦૦ | - | - | ૨૧૦૦ |
| ૩૩ | શ્રી કે.ડી.ઓ.જી.વી.સી. જૈન સંઘ, ઘાટકોપર | ૨૦૦૦ | - | - | ૨૦૦૦ |
| ૩૪ | છેડાનગર જૈન સંઘ, (ચેંબુર) | ૧૦૦૦ | - | - | ૧૦૦૦ |
| | | **૧૩૧૭૯૦૮** | **૪૫૧૭૩૮** | **૫૩૦૦૫** | **૧૮૨૨૬૫૧** |

સંસ્થાઓ પ્રત્યે આજ રીતે સ્નેહભરેલું ઝરણું આપ સર્વે તરફથી સતત વહેતું રહે તેવી શુભેચ્છા. આપશ્રી દાતાઓની ખુબ ખુબ આભાર અને ઋણસ્વીકાર

**લિ.**
**દરેક સંસ્થાઓના ટ્રસ્ટીઓ તથા અધિકારીઓ**


**જયપુરી**

**કોટન ડ્રેસ મટીરીયલ/કુર્તી**
**હોલસેલ ભાવે મળશે.**
**પરીતા કલેક્શન** મો : **9619908833**



શુભેચ્છા સહ....

Laxmichand Dharshi Mota
**MOTA SHIPPING AGENCY**
**C.H.A.No.11-0404**


## જન્મ-સગપણ-લગ્ન ઈત્યાદિ નોંધ

*મુંબઈ મહાજનશ્રીની હદમાં વસતા જ્ઞાતિજનોનું ધ્યાન દોરવાનું કે, છેલ્લા અનેક દાયકાઓથી મુંબઈ મહાજનશ્રી તરફથી, તેમના દફ્તરે નોંધાતા જન્મ, સગપણ, લગ્ન, મરણ ઈત્યાદિ યાદી 'પ્રકાશ-સમીક્ષા'ને મોકલવામાં આવતી હતી તે છેલ્લા કેટલાક સમયથી મુંબઈ મહાજન દ્વારા 'પ્રકાશ-સમીક્ષા' ને મોકલવામાં આવતી નથી, તેમજ અપાતી નથી.*

*એવી માહિતી 'પ્રકાશ-સમીક્ષા' ને પુરી વિગત સાથે નામ-સરનામા અને મહાજનશ્રીમાં નોંધણી કરાવતી વખતે ભરાયેલ સબંધિત લાગાની રસીદ સાથે મોકલવા વિનંતી છે.*

## ૧૭મી પુણ્યતિથિએ સ્મરણાંજલિ



**પૂ. નાનીમાં હીમાબાઈ માલશી મોતા**
**(વારાપધર-મુંલુડ)**
**અરીહંતશરણ : તા.૩૦.૪.૧૯૯૬**

આંખના પલકારાની જેમ આપની વસમી વિદાયને ૧૭ વર્ષ વીતી ગયા.

*હવે અમ હૈયે રહ્યો કેવળ તમારી યાદનો સંગાથ.*
*ક્યારે પણ નહીં ભૂલાય તમારી યાદ.*

પ્રભુ તમારા દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એવી સમસ્ત પરિવારની પ્રાર્થના...

❊❊❊ **પ્રાર્થયિતા** ❊❊❊

**દીકરી : સ્વ.જમકુબાઈ લાલજી પટેલ** (સાંઘવ)
**ગં.સ્વ. વિજયાબાઈ પદમશી નાગડા (ધુમ)**-નલિયા
દોહિત્ર-દોહિત્રપુત્રવધુ
**શ્રીમતી વિજયા અને ગોવિંદજી લાલજી પટેલ (સાંઘવ-મુલુન્ડ)**

॥ શ્રી મહાવીરાય નમઃ ॥ ॥ શ્રી આદિનાથાય નમઃ ॥ ॥ શ્રી પદ્મપ્રભુસ્વામીને નમઃ ॥

# વરસીતપના પારણા

રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે વર્તમાન ગચ્છાધિપતિ તપસ્વીરત્ન પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજીમ.સા. તથા સાહિત્યરત્ન પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. તથા પૂ.સાધ્વી શ્રી હસાંવલીશ્રીજી મ.સા.ની શુભ પ્રેરણા તથા આર્શીવાદથી અમારા **વડીલશ્રી કિશોર ગોવિંદજી કાયાણી** તથા **માતુશ્રી અ.સૌ. શોભા કિશોર કાયાણી** (જખૌ મુલુંડ) આદરેલ વર્ષીતપનું પારણું પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. તથા અન્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં વૈશાખ સુદ ૩ રવિવાર **તા.૧૨.૫.૨૦૧૩** (અખાત્રીજ)ના શુભ દિને નેશનલ એકઝીબીશન ગ્રાઉન્ડ, મહાનંદા ડેરીની સામે વેસ્ટર્ન એક્ષપ્રેસ હાયવે, ગોરેગામ (ઇસ્ટ) મુંબઇ ખાતે કરશે. સમય ૧૧થી ૧.૩૦ સુધી સગા સંબધીઓને પધારવા વિનંતી.

**અ.સૌ. પૂનમ રીતેશ કિશોર કાયાણી**
**કુ. મૌક્ષા તથા કુ. અક્ષા** (મુલુંડ)

**અ.સૌ. રચના વિનોદ ભીમશી દેઢીયા**
**કુ. દિશા** (થાણા)

**(નોંધ : તપસ્વી બેઠક ક્રમાંક ૮૫૪ તથા ૮૫૫)**

॥ જય શ્રી રામપીર કી જય ॥

# ઘણીબાવાને નમતા ભાવિકો જોગ,


આપણી જ્ઞાતિમાં ઘણાં ભાવિકો આરાધ્યદેવ રામાપીર (ઘણીબાવા)ના પાઠની માંડણી કરે છે. એ પાઠની વિધિ, પાઠ માંડનાર વ્યક્તિઓ અલગ અલગ હોય છે અને વિધિ અલગ અલગ હોવાથી પાઠ મંડાવનાર પરિવારને માનસિક સમાધાન કે આત્મસંતોષ થતો નથી. ભાવિક પરિવારને ક્યારેક લાગે કે પાઠમાં કાંઇ ભૂલચુક તો નથી રહી ગઇ ને ? બસ, આજ કારણસર જ્ઞાતિ હિતમાં સૌના માટે અમોએ વિચાર ક્ર્યો કે જેઓ ઘણીબાવાના પાઠની માંડણી કરાવે છે એ સર્વેને સાથે મળીને કોઇ પણ એકજ વિધિ જે ઐતિહાસિક મહિમાવંત હોય અને સત્ય હોય એજ પ્રમાણે એજ વિધિથી સંપુર્ણ પાઠ માંડવું જોઇએ. એ વિચારધારા હેઠળ સર્વે જાણકાર ભાવિકો પાઠ કરાવતા હોય તેઓ સંપર્ક કરે અથવા પોતાના વિચાર અને ઉપલબ્ધ માહિતી અમને લખી જણાવે. એ સર્વે જાણકારોની એક બેઠક બોલાવવા ઇચ્છીએ છીએ.

**❋ વધુ માહિતી/પૂછપરછ માટે સંપર્ક ❋**

**નવિન રાયશી મૈશેરી (બાંડીયા) - 7666567008**
**ભરત વેરશી જીવાણી (જખૌ) - 9833921313**
**દિપક ભવાનજી લોડાયા (સાંયરા) - 98220821388**

**ઘણીબાવા પાઠના જાણકાર ભાવિકોની બૈઠક તા.૧૬.૬.૧૩ ના સાંજના ૪.૩૦ વાગે સ્થળ : ૭, અમૃતકૃપા ધામ, પ્લોટ ૭૪, તિલક નગર, તિલકનગર સ્કૂલ સામે, ડોંબિવલી (ઇ).**

# હાર્દિક શ્રદ્ધાંજલિ



જન્મ :
તા.૦૫-૧૨-૧૯૩૧

સ્વર્ગવાસ :
તા.૧૮-૦૪-૨૦૧૩

## સ્વ. રમેશચંદ્ર પ્રેમજી લોડાયા

**(ઉપપ્રમુખ- શ્રી ડી.બી.કે.ડી.ઓ. જૈન એકમ)**

**(મૂળ વતન કચ્છ - વારાધપર)**

આપણા મહાજનના પૂર્વ ઉપપ્રમુખ તથા સંસ્થાના પ્રાણ સમા નિર્વ્યાજ સેવક અને એક ઉચ્ચતમ પવિત્ર આત્મા શ્રી રમેશચંદ્ર પ્રેમજી લોડાયાની ચિરવિદાયથી મહાજનના સર્વે સભ્યો ઘેરા શોકની લાગણી અનુભવી રહ્યા છે. શ્રી રમેશચંદ્ર પ્રેમજી લોડાયાએ મહાજનના ઉપપ્રમુખ તરીકે બહુમૂલ્ય સેવાઓ પ્રદાન કરી હતી. મહાજનના ઉત્કર્ષમાં તેમનું યોગદાન અપૂર્વ હતું. મહાજનની પ્રવૃત્તિઓમાં તેમનો જીવંત રસ હમેશા અમ સ્મરણમાં રહેશે. તેઓશ્રીએ કર્મણ્યેવાધિકારસ્તેનું જીવનના છેલ્લા શ્વાસ સુધી અક્ષરશઃ અનુકરણ કર્યું હતું. સમાજસેવાના કાર્યો કરવા માટેની તેમની તત્પરતા, સદ્‌ભાવના અને દિલની ઉષ્મા અમોને સદૈવ યાદ રહેશે. શ્રી રમેશચંદ્ર લોડાયાની ચિરવિદાયથી એક મજબૂત આધારસ્તંભ ગુમાવ્યાની લાગણી અમો સહુ અનુભવી રહ્યા છીએ. સહુ જોડે સુસંગતતા સાધી મહાજનના ઉત્કર્ષ માટે તેઓ હરહંમેશ તત્પર રહેતા હતા. પૂજ્યશ્રીનું પ્રેરક અને ધર્મપરાયણ જીવન સદા અમોને માર્ગદર્શન આપતું રહેશે.

પ્રભુ, સદ્‌ગતના આત્માને શાશ્વત્ શાંતિ અર્પે એવી અમારા સહુની નત મસ્તકે પ્રાર્થના...

**લિ.**

## દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાલ જૈન એકમ

માતૃશ્રી જવેરબેન ધનજી ધરમશી કચ્છી ભવન • ૪૪બી, ૧લો મેઈન રોડ • મીની ફોરેસ્ટની સામે
જે. પી. નગર • ૩જો ફેઝ • બેંગલોર - ૫૬૦ ૦૭૮ • ફોન : (080) 2658-6798 / 6799
E-mail : dbkdo.jainekkam@yahoo.in • સંપર્ક : 09886106912 - જયચંદભાઈ

સમાચાર સંકલન
સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## મુંબઇ મહાજનશ્રી દ્વારા ૭૦મો સમુહલગ્ન

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઇના ઉપક્રમે ૭૦મો સમુહલગ્ન સમારોહ તા.૨૮.૪.૧૩ના શેઠ નરશી નાથા બેંક્વેટ એસી. હોલમાં ભાંડુપમાં યોજાયેલ જેમાં પાંચનવયુગલોએ પ્રભુતામાં પગલા માંડેલ. આ પ્રસંગે જ્ઞાતિના અગ્રણીઓ, વિવિધ સંસ્થાઓના પદાધિકારીઓ, કાર્યકરો અને નવયુગલોના સગાસંબંધીસહ સારી સંખ્યામાં જ્ઞાતિજનો પધારેલ, પંચવર્ષીય દાતાઓના સથવારે યોજાયેલ આ લગ્ન સમારોહમાં નવયુગલોને મહાજનશ્રી દ્વારા કન્યાદાન અને મંગળ આશિષ અપાયેલ. વિવિધ દાતાઓએ નવપરણિતો માટે ચાંદલા, ભેટ-સોગાદ નોંધાવી મહાજનશ્રીના જનરલ ફંડમાં યોગદાન આપ્યું. પાંચે યુગલને સામાજિક સુરક્ષા યોજનામાં આવરી લેવાયેલ.

આ પ્રસંગે વ્યવસ્થા જાળવવા અનંત મિત્ર મંડળ, મહાજનશ્રીની વ્ય.સમિતિ, અનંતનાથ ટ્રસ્ટ બોર્ડે, સમુહલગ્ન સમિતિની ટીમોએ સુંદર જહેમત લઇ કાર્યક્રમને સફળ બનાવેલ જમણવાર વ્યવસ્થા ફાઇવસ્ટાર કેટરર્સે સંભાળેલ.

## શ્રી પદ્મમુક્તિ વાત્સલયનિધિ ટ્રસ્ટ-ચાલીગામ

પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા. પ્રેરીત ટ્રસ્ટ દ્વારા પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ના માર્ગદર્શને ચાલીસગામમાં ગરીબોને દર બુધવારના અને પાચોરામાં દર શનિવારે ભોજન કરાવાય છે. દર શનિવારે ભોજનના દાતાઓ : સૌ. નિશાબેન હિતેશ મોતા (મુંબઇ) - કાયમીતિથી, સૌ. કાંતાબાઇ પ્રતાપ લોડાયા (પાચોરા) - નકરો, સ્વ. લક્ષ્મીચંદ શામજી મૈશેરી - કાયમીતિથી, હિતેશભાઇ એમ. મોતા (મુંબઇ) - કાયમીતિથી, ચાંદની મહેન્દ્ર નાગડા (પારોલા) કાયમીતિથી, સોમચંદ સોજપાલ નાગડા (જખૌ) નકરો, રુદ્રા રાકેશ મ્હાત્રે (પાચોરા) નકરો

## સાંયરા

અત્રે તા.૧૫.૦૪.૧૩ ના ખીરેશ રાયચંદ ધ્રોળ પરિવાર તરફથી મહાકાળીની ભાવના સૌએ રમઝટથી ભણાવી.

## પારોલા ધ્વજા મહોત્સવ

પૂ.સંયમગુણાશ્રીજી મ.સા.આ.ઠા ૪ની નિશ્રામાં પારોલા તીર્થમાં શાંતિનાથ દાદાની ૧૫૬મી ધ્વજાનો પ્રસંગ તથા સા. સંયમગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા સા.ખંતિગુણાશ્રીના વરસીતપ નો પ્રંસગ તથા પૂ. સા. પુણ્યોદયાશ્રીજીની ૧૮મી દીક્ષાતિથીનો ત્રિવેણી યોગ પારોલા સંઘને સાપડ્યો સંઘમાં આનંદ મંગલ વર્તાયો છે. પૂજ્યશ્રી બલસાણાથી વિહાર કરી પારોલા તીર્થમાં તા.૧૦.૫.૧૩ થી તા.૧૭.૫.૧૩ સુધી નિશ્રા છે. અખાત્રીજ તા.૧૨.૫.૧૩ના ૧૦ વાગે માંગલિક તથા વ્યાખ્યાન ૧૧ વાગે પુજ્યશ્રીને ઇક્ષુરસ વહોરાવાશે.

તા.૧૪.૫.૧૩ના પૂ. પૂણ્યોદયશ્રીજી મ.સા.ની ૬૦મી દીક્ષાતીથી પૂ. ખંતિગુણાશ્રીજી મ.સા.ની ૧૮ મી દીક્ષાતિથી નિમિત્તે સામુહ સામાયિક જાપ સહ આરાધના સવારના ૧૦ વાગે તા.૧૬.૫.૧૩ શ્રી શાંતિનાથદાદાની ૧૫૬મી ધ્વજાનો પ્રસંગ સવારે ૧૦ વાગે શ્રી સત્તરભેદી પૂજા સાથે ઉજવાશે.

દરરોજ સાંજના આંગ-ભાવના રહેશે.આ પ્રસંગે પધારવા સકલ સંઘને સ્નેહભર્યુ નિમંત્રણ છે.

## ભાંડુપમાં પંચાન્હિકા મહોત્સવ

તા.૧થી ૫ મે ૧૩ દરમ્યાન પૂ.સા.શ્રી ગુણમાલાશ્રીજીના આત્મશ્રેયાર્થે ભાંડુપ અનંતસિધ્ધના આદિનાથ જિનાલયે ભક્તિ મહોત્સવ ઉજવાયેલ.

## પાલીતાણા તીર્થે વરસીતપ પારણા

ગુરૂ ગુણ જન્મ શતાબ્દિ વર્ષમાં ૧૨૦૦ જેટલા ભાવિકો સમુહ વરસીતપ આરાધી રહ્યા છે. આ વર્ષે અક્ષયતૃતીયાએ સિદ્ધાચલ તીર્થે પૂ.અચલગચ્છાધિપતિ સળંગ ૪૪ વરસીતપના આરાધક આ.શ્રી ગુણોદયસાગરસુરજી આ.ઠા.ની નિશ્રામાં ભક્તિ મહોત્સવ ઉજવાશે. આ પ્રસંગે અનેક તપસ્વીઓ-ભાવિકો સહ એક ખાસ ટ્રેન મુંબઇથી તા.૧૦.૫.૧૩ના નીકળી


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

તા.૧૧.૫.૧૩ના પહોંચશે. તા.૧૦.૫.૧૩ના બપોરે ૩ વાગે શ્રી આદિનાથ પંચકલ્યાણક પૂજા છે. તા.૧૧.૫.૧૩ના નવદિક્ષિત પૂ.સા.શ્રી યોગદૃષ્ટિશ્રીજી મ.સા.ની વડી દીક્ષા છે. બપોરે ૧ વાગે ૧૦૮ સામુદાયિક ભક્તામર પુજન છે. સાંજે ૬ વાગે તપસ્વીઓની સમુહસાંજી અને ઉદારદિલ દાતાઓનું બહુમાન કરી અનુમોદના કરાશે. રાત્રે ૯ વાગે ભક્તિભાવના છે.

અક્ષયતૃતીયા રવિવાર તા.૧૨.૫.૧૩ ના સવારે ૮ વાગે તપસ્વી શોભાયાત્રા, જય તળેટી દર્શન ૧૧ વાગે સમુહ વરસીતપના ઇક્ષુરસથી પારણાં, બપોરે ૩.૩૦ વાગે તપ અને ગુરૂવંદના વિશિષ્ટ કાર્યક્રમ રહેશે. સાંજે ૭ વાગે સ્પે.ટ્રેન દ્વારા મુંબઇ પ્રયાણ રહેશે. અનેક શ્રમણ-શ્રમણીઓ સહ ભાવિકો વિશાળ ચતુર્વિધ સંઘના સૌભાગ્યમાં વરસીતપ પારણા કરશે.

આ મહોત્સવની સંપુર્ણ સાધર્મિક ભક્તિનો લાભ મા.લક્ષ્મીબાઇ જગશી છેડા પરિવાર અને પુષ્પાબેન વિનોદ ગંગર પરિવારે લાભ લીધો છે. જગડુશા ભોજનમંડપના દાતા શ્રી કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર છે. ચા-પાણીના ચંદ્રકલાબેન ધીરજલાલ શેઠ, ફળભક્તિના કાંતાબેન આણંદજી ખોના, જલભક્તિના ભાનુમતીબેન ભાણજી નિસર, હસ્તીનાપુરી નગરી (મંડપ)ના દાતા મા.લક્ષ્મીબેન ખીમજી ગંગર પરિવાર, મુંબઇથી સ્પે.ટ્રેનના દાતા જયવંતીબેન જયંતીલાલ દેઢિયા પરિવાર અને નિમંત્રણ લાભ શ્રી મુરજી રાઘવજી લોડાયા પરિવાર (સાંઘવ) એ લાભ લીધેલ. આ મહોત્સવ શેઠ કેશવજી નાયક ધર્મશાળામાં ઉજવાશે. પારણા તળેટી રોડ ઉપર અચલગચ્છ ૯૯ યાત્રા પ્લોટ પર રહેશે. અક્ષયતૃતિયાએ ઠેરઠેર વરસીતપના પારણા અને ભક્તિ અનુષ્ઠાનો યોજાયા છે.

## આણંદ

પૂ.પં. શ્રી પ્રશમાંનદજી વિજયજી મ. સાહેબે ચોમાસું કર્યું હતું. ત્યારે શ્વે.મૂર્તિપૂજક જૈન સંઘ, આણંદને અનેરો લ્હાવો મળેલ. ફરીથી પૂ. ભગવંત વિહાર કરતાં અત્રે તા.૨૧.૪.૧૩ થી તા.૨૩.૪.૧૩ના મહાવીર જન્મ કલ્યાણકે આ સંઘને લાભ આપેલ. ભગવાન મહાવીરની વાણી અનુસરવા પર ભાર મૂકેલ. મહાવીર જન્મ કલ્યાણક દિવસે રથયાત્રા, નવકારસી તથા રાત્રીના ભાવના અને બહુમાનના કાર્યક્રમ આયોજેલ.

## ડોંબિવલીમાં સિધ્ધચક્ર મહાપુજન

માતૃશ્રી જયાબેન ટોકરસી લોડાયા પરિવારના સૌ. લીના પ્રવીણ લોડાયા અને ચિ. જય પ્રવીણ લોડાયાની તથા તેમની બહેનોની વરસીતપ આરાધના ગુરૂ ગુણજન્મ શતાબ્દી નિમિત્તે અને સાવલા-લોડાયા ટુર્સ-ટ્રાવેલ્સના શ્રી પ્રવીણ ટોકરશી લોડાયા (કોઠારા-ડોંબિવલી) અને ભરત રતનશી સાવલાની શતાધિક શિખરજી મહાતીર્થ યાત્રા નિમિત્તે સંઘના અચલગચ્છભવનમાં તા.૪.૫.૧૩ના સિધ્ધચક્ર પૂજન ભણાવાયું અને પરિવાર તરફથી સૌને સાધાર્મિક ભક્તિ હતી. આ પ્રસંગે તેમના સગાસંબંધી, હિતેચ્છુઓ, મિત્રો તેમજ સંઘના ભાવિકો પધારેલ.

## લાલપુરમાં ધ્વજા મહોત્સવ

શ્રી ભલારાદાદા લાલપુર ટ્રસ્ટ તરફથી ૩ દિવસનો ચૈત્ર સુદી ૧૩-૧૪ અને પૂનમનો ઉત્સવ ઉમંગભેર ઉજવાયો. મહાવીર જન્મ કલ્યાણક દિને પ્રભુજીની શોભાયાત્રા કાઢવામાં આવેલ.

૧૪ના યતિવર્યશ્રી મોતીસાગરજી શ્રીજી મ.સા.ની નિશ્રામાં શ્રી મહાકાલીદેવી પૂજન કરવામાં આવેલ. દાદાના ભૂવાશ્રી દિનેશ વીસનજી દંડની ઉપસ્થિતિમાં ધ્વજામહોત્સવ ઉજવાયેલ.

પૂનમના મુખ્ય ધ્વજા ચડાવાનો લાભ શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા તથા શ્રી કલ્પેશ માણેકજી મોતાએ સંયુક્ત રીતે લીધેલ તથા બીજી ધ્વજાનો લાભ શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતાએ લીધેલ.

## નલીનપુર નારી નિગમ

તા.૧૪.૪.૧૩ ના ગો-ચીઝ ફેક્ટરીની મુલાકાત લેવાયેલ જેમાં સારી સંખ્યામાં સભ્યોએ ભાગ લીધેલ cow farm ની મુલાકાતમાં આવતા-જતાં રસ્તામાં વિવિધ રમતોની મજા માણીને સભ્યોએ આ પીકનીકને યાદગાર બનાવી. તા.૨૬.૪.૧૩ નાં વીરજી જીવરાજ મેપાણી હોલ મુલુંડમાં વર્કશોપ રાખવામાં આવેલ. શ્રીમતી ગુણવંતીબેન પ્રતાપસિંહ છેડાએ બહેનોને જરી, ભરતકામ શીખ્યું હતું અને શ્રીમતી અવની ધરમશીએ પંચક્રાફટનાં ડેકોરેટીવ બોક્સ બનાવવાનું શીખવ્યું હતું. સારી સંખ્યામાં બહેનોએ ઉત્સાહથી ભાગ લીધેલ. આગામી વાર્ષિક કાર્યક્રમ તા.૧૫.૬.૧૩ના છે.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

TAN MAN®
TOURS & TRAVELS

9323360708 . 25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com


**હાર્દિક અભિનંદન**

સૌ. ડૉ. મહીમા મોહિત દંડ (MDS) (તેરા-હુબલી)ને શ્રી ધર્મસ્થળ મંજુનાથેશ્વર ડેન્ટલ કોલેજ-ધારવાડમાં પ્રોફેસર નિયુક્ત થવા બદલ અને રોટરીક્લબ ડ્રીસ્ટ્રીકસ્તરે GSE પ્રોજેક્ટ માટે વિદેશ પ્રવાસે જવા બદલ હાર્દિક અભિનંદન.

**તન-મન પરિવાર**


શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

## સમસ્ત મહાજન દ્વારા બાળ સંસ્કરણ શિબિર

સમસ્ત જ્ઞાતિ મહાજનનાં ઉપક્રમે અને મુબઈ મહાજનના સથવારે ડોંબિવલીમાં ૭ થી ૧૫ વર્ષના જ્ઞાતિના બાળકો માટે ઉગતી પેઢીને ધાર્મિક-સામાજિક સંસ્કરણ સમજ આપવા જુનના બીજા અઠવાડિયામાં ડોંબિવલીમાં સુવિધિનાથ જિનાલયે અચલગચ્છ ભવનમાં એક દિવસીય શિબિર યોજાશે.

આ શિબિરમાં સમસ્ત મહાજનના ટ્રસ્ટી શ્રી નિશિથ દંડ (વડોદરા) અને સાથીઓ પધારશે. જેમણે વડોદરામાં કેડીઓ બડ્સ પ્રથમ શિબિર સફળતાપૂર્વક યોજેલ.

એક દિવસીય શિબિરમાં ઉગતી પેઢીને ધાર્મિક-વ્યવહારીક સંસ્કારોની સમજણ જ્ઞાન ગમ્મત સાથે અપાશે. દેવવંદન, ગુરૂવંદન, જયણા, દેરાસર, ઉપાશ્રય આદિ ક્રિયા જૈન આચાર વિચારની સમજણ અપાશે. બાળકોને થોડામાં ઘણું સમજવા અને ધાર્મિક વિનય વિવેક શિખવવા જરૂર મોકલવા અનુરોધ છે. ડોંબિવલી ઉપરાંત આસપાસથી પણ ભાગ લઇ શકાશે.

આખા દિવસની સાધર્મિક ભક્તિ રહેશે અને શિબિરનું સાહિત્ય સ્થળપર અપાશે.

નામ નોંધણી : શ્રી પ્રવિણભાઇ લોડાયા (ડોંબિવલી)- ૯૮૨૦૫૬૫૨૬૧, બાળકોને વિવિધ જ્ઞાન-ગમ્મતની રમતો રમાડાશે અને તેના વિજેતાઓને આકર્ષક ઇનામો અપાશે. બાળકો માટે પ્રશ્નોતરી પણ રહેશે.

વેકેશન હોઇ આ પ્રકારે અન્યત્ર ક્યાં પણ શિબિરો ગોઠવવી હોય તો તે સંઘે/મહાજને સમસ્ત મહાજનનો સંપર્ક સાધવા વિનંતી કરાય છે.

સમસ્ત મહાજન પોતાના વેબસાઇટ તૈયાર કરવા ઇચ્છે છે. જે કોઇ જાણકાર ભાઇ-બહેન એ માટે મદદરૂપ થવા ઇચ્છુક હોય તે સમસ્ત મહાજન કાર્યાલયનો સંપર્ક કરે. ફોન : ૦૯૩૨૩૩૮૦૭૦૮

## આણંદજી કલ્યાણજી ટ્રસ્ટમાં પ્રતિનિધીત્વ

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટમાં મુંબઇના પ્રતિનિધી બેઠકની મુદત તા.૩૦ જુનના પૂર્ણ થાય છે. એ પછી ટ્રસ્ટબોર્ડના એક પ્રતિનિધી નીમીને મોકલવાના રહેશે. હાલમાં મુંબઇના પ્રતિનિધી શ્રી ચિમનભાઇ મેઘજી મોતા છે.

## પાસ થયા-હાર્દિક અભિનંદન

**અક્ષય રમેશ મૈશેરી**-ડોંબિવલી F.Y.J.C. Com 70.46%

**નીરજ જગદીશ લોડાયા**-ડોંબિવલી F.Y.J.C. Com 81.31%

### ભૂલસુધાર

પ્ર.સ. અંક ૧૮માં "ભગવાન પણ મૌન છે" ના લેખિકા લીના હિરેન લોડાયાના ફોન નં : ૯૮૬૭૭૫૪૯૨૮ સુધારીને વાંચવા.



## મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત કવિ "તેજ" ની અમૃતવાણી... (૩૦)

**- સોમ ધરમશી** (કચ્છ)

***સુકી ભઠ ભોમકા, સુકા નીર નવાણ***
***તય અસાંજે મુલકમેં નાંય નીલપજી તાણ***

શબ્દાર્થ : ભઠ - સુકાઇ ગયેલી, ભોમકા - જમીન, ભુમિ, નીરનવાણ- પાણી, મુલક - માતૃભૂમિ, નીલપ - લીલોતરી, હરિયાળી (અહિંયા હુંફ અથવા પ્રેમભાવ)

ભાવાર્થ : માતૃભૂમિ કચ્છ વિશે, સૌદર્યપૂર્ણ અને સંવેદના ભાવ સાથે શાબ્દિક રજુઆત સાહિત્યીક રીતે કાવ્યમાં શ્રી તેજ કરે શકે.

કચ્છ એટલે વિષમતાનો પ્રદેશ. દુકાળ ભુકંપ, વાવાઝોડાં જેવાં વારંવાર ઘસી આવતી કુદરતી આફતોનો પ્રદેશ. તે છતાં અહીંના માનવીના મનમાં બીજા માટે હુંફ અને સદૈવ મૈત્રીભાવનું પવિત્ર ઝરણું વહેતું હોય છે. અહીંનો માનવી વર્ષોથી આ આફતોનો સામનો કરી ફીનીક્સ પંખીની માફક તુટીને હારી જતું નથી પણ તે ફરીથી ઉભું થઇ વિકાસની કેડી પર અવિરત ચાલતું રહે છે. કચ્છમાં બાકી ઘણી બધી વસ્તુઓની અછત હોય પણ જટિલ પરિસ્થિતિમાં પણ હુંફ આપનારા, સધિયારો આપનારાઓની અછત નથી. કચ્છનો હુંફાળો ઇતિહાસ અહીં ધરતીમાં ધરબાયેલો છે. કોઇ જાણકારની આંગળી પકડી તેને માણવા જેવો છે. કવિશ્રી તેજનાં આવા માર્મિક ભક્તિભાવ સભર કવિતાનાં ખજાના પર ઉપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મ.સા. "ચિન્મય" ની આંખ ઠરી, અને કચ્છી ભાષાથી અજાણ સમુદાય સુધી કવિ તેજની વાણી પહોંચે તે માટે કેટલીક રમ્ય રચનાઓનું અંગ્રેજી ભાષાંતર કર્યું. જે પુસ્તક રૂપે "RAYS OF LIGHT"માં સંગ્રહિત થયું છે.

કચ્છી કવિતાનો લેખકની જાણ મુજબ ફક્ત મેકણદાદાની કેટલીક સાખીઓનો અનુવાદ અંગ્રેજીમાં શ્રી માવજીભાઇ સાવલાએ કરેલ તે પછીનું ગૌરવભર્યું સ્થાન શ્રી તેજની કવિતાને જાય છે.

શ્રી ભુવનચંદ્રજી મહારાજે કરેલા અનુવાદ સરળ સૌમ્ય અને કવિતાનાં મુળ લયને જાળવી રાખી કરવામાં આવ્યા છે. આ કોલમ દ્વારા રજુ કરવાની શરૂઆત કરીએ છે.

*"Arid is the land and water is scanty*
*But in our motherland, warmth is lplenty."*


શુભેચ્છા સહ....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **ગિરીશ પી. લોડાયા** | ૧૦૨-એ, માધવ જેમ્સ, આયુષ હૉસ્પિટલ પાછળ, વલસાડ રોડ, વાપી ફોન : 9427576841 |
| **વીરેશ કલ્યાણજી ધરમશી** | બી-૪૦૨, ગોપાલબાગ, DNC સ્કુલ પાછળ, સુનિલ નગર, ડોંબિવલી (ઇ). ફોન : 9892931209 |
| **પંકજ ભવાનજી લાલકા** | ૧૭, વરદવિનાયક દર્શન, મહા ગણપતિ હૉલ, સ્ટાર કૉલોની, માનપાડા રોડ, ડોંબિવલી (ઇ) |
| **સુરેશ શીવજી લોડાયા** | જી-૬ શાંતિભુવન, એસ.એન. રોડ, મુલુન્ડ (વે), મુંબઇ-૮૦. ફોન : 9821550333 |
| **સુનિલ કે લોડાયા** | H.No. 815, સેક્ટર-૯, નિરંકારીભવન પાસે, માર્કેટ પાંચકુલા (હરીયાણા). ફોન : 09816060646 |
| **અમિત અશોક લોડાયા** | 103, દોસ્તી ઇટોપીયા-૨, ત્રીજો લીંક, પંચાયત રોડ, પેરૂનગુડી, ચેન્નઇ- 600 096 |

## નવા/બદલાયેલા ફોન નંબર

**રોનક લલિત ખોના** ડોંબિવલી - **07666038359/9769076390** **ધનલક્ષ્મી લલિત ખોના** ડોંબિવલી- **09833051363**

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૪.૪.૧૩ | હુબલી | SIMO020403 | વીર-ઉર્વશી બિનોય નરેન્દ્ર મોમાયા | સાંયરા | પુત્ર |
| ૨૪.૪.૧૩ | લંડન | SULO051403 | પાર્શ્વ-સુનિત કુલીનકાંત લોડાયા | સુથરી | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૩.૦૪.૧૩ | અહમદનગર | RPLO031704 | નીલેશ ચેતન લાલજી લોડાયા | રાપર | ૨૭ |
| | ઇન્દોર | SMM0020203 | મધુરીમા ચેતન કલ્યાણજી મોમાયા | મોટી સિંધોડી | ૨૨ |
| ૨૩.૦૪.૧૩ | આદિપુર | SUKN030306 | કૌશિક લીલાધર હંસરાજ ખોના | સુથરી | ૨૪ |
| | મોટા આસંબીયા | TRDH050404 | ઉન્નતી રતીલાલ ટોકરશી ધરમશી | તેરા | ૨૨ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૫.૦૪.૧૩ | માટુંગા | NLKN012903 | પ્રિયેન રવિન્દ્ર ગોવિંદજી ખોના | નલિયા | ૩૨ |
| | ભાયખલા | A | કૃતિકા શાંતિલાલ જૈન | બેડા | ૨૯ |
| ૨૧.૦૪.૧૩ | માલેગામ | A | વિદ્યાધર જ્ઞાનેશ્વર ભાવસાર | માલેગામ | ૨૪ |
| | ચાલીસગામ | SIMO070804 | મિતાલી ભરતકુમાર લહેરચંદ મોમાયા | સાયરા | ૨૩ |

### મુંબઇ મહાજનશ્રી યોજીત ૭૦મો સમુહ લગ્ન-ભાંડુપ (મુંબઇ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૮.૦૪.૧૩ | ઘાટકોપર | JKMA061404 | ડિમ્પલકુમાર મહેન્દ્ર ઉમરશી મૈશેરી | જખૌ | ૨૮ |
| | બેલગામ | SUDH032905 | હેમલ દિનેશ નેણશી ધરમશી | સુથરી | ૨૬ |
| ૨૮.૦૪.૧૩ | ડોંબિવલી | RPLO030803 | જતિન પદમશી મેઘજી લોડાયા | રાપર | ૨૭ |
| | ઔરંગાબાદ | GDKR050503 | સોનલ દિપક વીરચંદ કુરુવા | ગોધરા | ૨૪ |
| ૨૮.૦૪.૧૩ | ડોંબિવલી | DASL040904 | રિતેશ કાંતિલાલ વીરજી શિયાલ | દલતુંગી | ૨૮ |
| | ડોંબિવલી | DALO011203 | બીનલ કમલેશ શામજી લોડાયા | દલતુંગી | ૨૨ |
| ૨૮.૦૪.૧૩ | ડોંબિવલી | BHDD011304 | સેજલ અનિલ કુંવરજી દંડ | ભરૂડીયા | ૨૭ |
| | પવઇ | A | વર્ષા રોહિદાસ ધાનપ્પા ઇંગલે | સોલાપુર | ૨૬ |
| ૨૮.૦૪.૧૩ | ડોંબિવલી | KBLO111504 | ગૌતમ હિંમતલાલ પાસુભાઇ લોડાયા | મોટીખાવડી | ૨૭ |
| | થાણા | A | સુપ્રિયા ગોપાલ વસંત કરંગુટકર | કુડાલ | ૨૬ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૬.૪.૧૩ | હીંગોલી | VVLO160201 | ચંપાબાઇ દામજી દેવશી લોડાયા | વારાપધર | ૮૦ |
| ૨૬.૪.૧૩ | મસ્જીદબંદર | BRGS020102 | મણીબાઇ કાંતિલાલ ખીમજી ગોસર | બારોઇ | ૭૩ |
| ૨૮.૪.૧૩ | સાયન | SMLO011402 | દમયંતીબાઇ સનતકુમાર નરપાલ લોડાયા | મોટી સિંધોડી | ૭૭ |
| ૦૨.૫.૧૩ | માટુંગા | GOLO010702 | મધુરીબેન બાબુલાલ જીવરાજ દંડ | ગોરખડી | ૭૩ |

।। શ્રી ગણેશાય નમઃ ।।

।। જય જય શ્રી સચ્ચાઇ માં ।।

જય જય શ્રી ભલારા દાદા, જય શ્રી જખ્ખ બૌતેરા દાદા, જય જય શ્રી ક્ષેત્રપાલ દાદા

# ગામ કચ્છ વરાડિયા તીર્થે બિરાજમાન દંડ પરિવારના કુળદેવી શ્રી સચ્ચાઇમાંની સાતમી સામુહિક પહેડી-પ્રસાદ પ્રસંગે ભાવિકોને માવિત્રોની પુણ્યસ્મૃતિમાં યોજેલ

# ભક્તિ મહોત્સવે પધારવા હાર્દિક આમંત્રણ



પિતાશ્રી કુંવરજી ખીમજી દંડ
સ્વર્ગવાસ તા.૩૦.૧૦.૨૦૦૩





માતૃશ્રી સોનબાઇ કુંવરજી દંડ
સ્વર્ગવાસ તા.૧૩.૨.૨૦૦૩

## ભાવભર્યું નિમંત્રણ

કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજીની અસીમ કૃપાથી તથા અમારા પૂજ્ય વડીલોના આશિર્વાદથી માતાજીની સાતમી સામુહિક પહેડીનો અમૂલ્ય લાભ અમને મળેલ છે. આ શુભ પ્રસંગે વરાડિયા સ્થાનકે નમતા સમસ્ત દંડ પરિવારના સર્વે ભાવિકો, કુટુંબની નીયાણી બહેનો સહપરિવાર તથા આમંત્રિત મહેમાનોને પધારવા સહર્ષ આમંત્રણ આપીએ છીએ.

## કાર્યક્રમ

| | | |
|---|---|---|
| શુભ દિન | : | વૈશાખ સુદ નોમ(નવમી) ને રવિવાર તા.૧૯.૫.૧૩ |
| સમય | : | સવારના ૯.૦૦ થી બપોરે ૩.૦૦ સુધી... |
| શુભ સ્થળ | : | માઉલી હોલ (એ.સી.) સીટી મોલ, પેંઢારકર કોલેજની બાજુમાં, ડોંબિવલી (પુર્વ) |
| ભક્તિ સંગીત | : | શ્રી વિપુલ છેડા અને સાથી કલાકારો |
| વિડિયો-ફોટોગ્રાફી | : | શ્રી જિતેનભાઇ શિયાલ |
| પહેડી પ્રસાદ | : | શ્રી જતિનભાઇ ચંદન (શ્રીજી કેટરર્સ) |

### પહેડીનો લાભ લેનાર ભાગ્યશાળી પરિવાર

## માતૃશ્રી સોનબાઇ કુંવરજી ખીમજી દંડ પરિવાર (સુથરી)

હસ્તે : અ.સૌ.જયશ્રી કાર્તિક કુંવરજી દંડ, શ્રી દુરેશ લઘુભાઇ દંડ, ચિ.નિકુંજ કાર્તિક દંડ

**: સંપર્ક :**

કાર્તિક કુંવરજી દંડ - 9821336833 ❖ જયેશ દામજી દંડ - 9324644945 ❖ હિરેન દામજી દંડ - 9323435339
ભુવાશ્રી મણીલાલભાઇ દંડ - 9819516552 ❖ શરદભાઇ દંડ (સુરત) - 9374671174

અંતરની આરજુ : માં પધારો અમ આંગણીએ, તો અંતરથી ઓવારણા લઇએ...

નોંધ : કાળા વસ્ત્રો પહેરીને પહેડીમાં આવવું નહીં.

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# માતા-વ્હાલનો દરિયો

: જન્મ :
તા.૧૧.૧૦.૧૯૩૯
(રવા-કચ્છ)



: અરિહંતશરણ :
તા.૨૬.૦૪.૨૦૧૩
(મસ્જીદબંદર-મુંબઇ)

## માતુશ્રી મણીબાઇ કાંતિલાલ ગોસર (બારોઇ-મુંબઇ)

પરમ ધર્મ આરાધક, સરળ સ્વભાવી, પરોપકારી, સહનશીલ, કુંટુંબનિષ્ઠ, વ્યવહારદક્ષ, વાત્સલ્યમુર્તિ સમગ્ર પરિવારને ધાર્મિક સંસ્કારોનું સિંચન કરાવનાર અને પોતાની અંતિમ ક્ષણોને મહોત્સવ બનાવી અનંતની યાત્રાએ નીકળી ગયા.

પોતાના જીવનકાળ દરમ્યાન શ્રી શત્રુજંય મહાતીર્થની ભાવપુજા સાથે નવ્વાણું યાત્રા. મુંબઇ-પાલીતાણા છ'રીપાલીત સંઘના એક સંઘમાતા, શ્રી અનંતનાથજી દેરાસરમાં ૧૪મી દેરીનાં મુળનાયક શ્રી ધર્મનાથ પ્રભુની પ્રતિષ્ઠાનો લાભ લેનાર, અનંતસિદ્ધિ-ભાંડુપમાં શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનની પ્રતિષ્ઠાનો લાભ લેનાર, બારોઇ ગામના શ્રી શાંતિનાથજી જિનાલયમાં શ્રી ધર્મનાથ ભગવાનની પ્રતિષ્ઠાનો લાભ લેનાર, એવા ધર્મવંત-દાનવીર અને સુકૃતો દ્વારા જીવન સાર્થક કર્યું એવા આત્માને પરમ શાંતિ અને મુક્તિ મળો એજ પ્રાર્થના...

### આપની પ્રેમાળ સ્મૃતિમાં...

પુત્ર-પુત્રવધુ : અ.સૌ.લક્ષ્મી રાજેન્દ્ર ગોસર ✣ અ.સૌ.જયશ્રી ઉપેન્દ્ર ગોસર ✣ અ.સૌ. દીપા લલીત ગોસર
દીકરી-જમાઇ : અ.સૌ. માધુરી જેસલ મૈશેરી (રાપર ગઢવારી)
પૌત્ર-પૌત્રી : શ્વેતા, રૂષભ, ત્રિશલા, વામા અને જીનાલી  દોહિત્રી : દ્વિતી

એવમ

માતુશ્રી હીમાબાઇ ખીમજી ગોસર (બારોઇ) ✣ માતુશ્રી કબીબાઇ મુરજી લોડાયા (રવા)
માતુશ્રી લક્ષ્મીબાઇ રૂપથી ગોસર (બારોઇ) ✣ માતુશ્રી લીલબાઇ મુરજી ધરમશી (નાની ખાવડી)
માતુશ્રી ઝવેરબાઇ માણેકજી ગોસર (બારોઇ) અને પરિવારજનો

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**, C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**

To,